Wednesday, 22 April 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક



માનવતામાં કોઈ ધાર્મિકતા નથી; તે પ્રેમ અને સમાનતા પર આધારિત છે.
- મહાત્મા ગાંધીજી

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૦૯ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### એસ.ઓ.જી.એ વાપીમાંથી

## દમણ મગરવાડાના બે સગા ભાઈઓ પ્રજ્ઞેશ પટેલ અને ભાવિક પટેલની યુ.કે. વિઝા-૨૧ માટે બનાવટી દસ્તાવેજોથી પાસપોર્ટ બનાવવાનું રેકેટ ચલાવવા બદલ કરેલી ધરપકડ

### ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવવાના ગોરખધંધામાં સામેલ કેટલાક આરોપીઓ સુધી પહોંચવા પણ એસ.ઓ.જી.એ. શરૂ કરેલી કવાયત



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૧

વલસાડ એસ.ઓ.જી.ને યુ.કે. વિઝા ૨૧ માટે બનાવટી દસ્તાવેજથી પાસપોર્ટ બનાવતી ગેંગના મુખ્ય બે આરોપીને ઝડપી પાડવાની મોટી સફળતા મળી છે. ઝડપાયેલ બન્ને આરોપી મોટી દમણના છે તેમને વાપી જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી પોલીસે ઝડપી પાડ્યા છે.

એસ.ઓ.જી. હેડ કોન્સ્ટેબલ શ્રી દિગ્વિજય વાઘેલાને મળેલી બાતમીના આધારે પોલીસે યુ.કે. વિઝા-૨૧ માટે પાસપોર્ટ બનાવવાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. હ્યુમન સોર્સીસ દ્વારા વાપી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આરોપી હોવાની મળેલી બાતમી બાદ પોલીસે પ્રજ્ઞેશ પટેલ અને ભાવિક પટેલ નામના બન્ને આરોપીને ઝડપી પાડ્યા હતા. બન્ને આરોપીઓ સગા ભાઈઓ છે અને તેઓ મૂળ મોટી દમણ મગરવાડાના રહેવાસી છે. આરોપીઓ સુરત પાસપોર્ટ ઓફિસ સાથે સંકલન કરીને બનાવટી પાસપોર્ટ બનાવતા હતા. બોગસ એલ.સી. પાલિકા કે પંચાયતના દાખલા, પાનકાર્ડનો ઉપયોગ કરી બનાવટી પાસપોર્ટ બનાવી જુદા જુદા લોકો પાસેથી મોટી રકમ લઈ યુકે વિઝા-૨૧ની લાલચ આપતા હતા. પોલીસને માહિતી મળી છે કે, દમણના કેટલાક એજન્ટ પણ આ રેકેટમાં સંકળાયેલા છે. તપાસ દરમિયાન તમામ વિગતો બહાર આવશે. હાલ તો પોલીસે પાસપોર્ટ અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓને જેલ ભેગા કર્યા છે.

## માત્ર ઉચ્ચ ડિગ્રી સરકારી નોકરી માટેની લાયકાત નથી : સુપ્રીમ કોર્ટ

### ડિગ્રી સાથે નિયમ મુજબનો અનુભવ પણ એટલો જ અનિવાર્ય

### ભરતીના નક્કી કરેલા નિયમોને બદલીને પોતાની મરજી મુજબની લાયકાતને મહત્વ આપવું એ કાયદા વિરૂદ્ધ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧

સરકારી નોકરી માટે માત્ર ઉચ્ચ શૈક્ષણિક ડિગ્રી હોવી પૂરતી નથી તેવી ટિપ્પણી કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, જો ઉમેદવાર ભરતીના નિયમો મુજબ જરૂરી અનુભવ ના ધરાવતો હોય તો તે નોકરી માટે લાયક ગણાશે નહીં. જસ્ટિસ જે. કે. માહેશ્વરી અને જસ્ટિસ એ. એસ. ચંદુરકરની બેન્ચે હિમાચલ પ્રદેશ સ્કૂલ શિક્ષણ બોર્ડ દ્વારા કમ્પ્યુટર હાર્ડવેર એન્જિનિયરની પોસ્ટ માટે અપનાવવામાં આવેલી ભરતી પ્રક્રિયામાં ખામીની નોંધ લેતાં સ્પષ્ટ કર્યું હતું કે, જો કોઈ



વ્યક્તિ પાસે પાયાની જરૂરી લાયકાત કે અનુભવ ન હોય, તો તેને માત્ર મોટી ડિગ્રી કે મેરિટમાં ઊંચા માર્કસ હોવાને કારણે નોકરી આપી શકાય નહીં. કોર્ટે જણાવ્યું હતું કે, ભરતીના નક્કી કરેલા નિયમોને બદલીને પોતાની મરજી મુજબની લાયકાતને મહત્વ આપવું એ કાયદા વિરૂદ્ધ છે. કોર્ટે નોંધ્યું હતું કે, જે ઉમેદવારની પસંદગી કરવામાં આવી હતી, તેની પાસે અરજી કરતી વખતે માત્ર એક જ વર્ષનો અનુભવ હતો. આમ, તે નોકરી માટેના જરૂરી નિયમો પૂર્ણ કરતો ન હોવા છતાં તેની પસંદગી કરવી એ અયોગ્ય હતું.

## ૧૭ એપ્રિલ, ૨૦૨૬ દેશની મહિલાઓ માટે કાળો દિવસઃ દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ નિશા ભવર



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૧

શુક્રવાર તા.૧૭મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ લોકસભામાં 'નારીશક્તિ વંદન અધિનિયમ બિલ' પાસ નહિ થતાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચા દ્વારા પાર્ટી કાર્યાલય, અટલ ભવન સેલવાસ ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી નિશા ભવરે જણાવ્યું હતું કે, ૧૭ એપ્રિલ ૨૦૨૬ દેશની મહિલાઓ માટે એક કાળો દિવસ છે. કારણ કે, જે અધિકાર મહિલાઓને મળવો જોઈએ તે આ દિવસે મળ્યો નથી. એનાથી સાબિત થાય છે કે દરેકના વિચારો એક સરખા નથી. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા જે સીમાંકનની વાત કરવામાં આવી એના પર વિપક્ષોને પૂછવા માંગુ છું કે, જો સીમાંકન હોય અને ૬૦ સીટ, ૭૦ સીટ મહિલાઓ માટે રિઝર્વ કરવામાં આવે તો એમાં કોંગ્રેસને શું વાંધો છે.? આજે આપણાં ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રની ભાજપ સરકાર મહિલાઓને આગળ વધવામાં ઘણી તકો આપી રહી છે. જેમાં ગ્રામ પંચાયતથી લઈ સંસદ સુધી મહિલાઓ પોતાની જવાબદારી સારી રીતે નિભાવી રહી છે. જેથી હું પૂછવા માંગુ છું કે મહિલાઓને શા માટે પ્રેરિત નથી કરવામાં આવતી, જેના કારણે મહિલાઓમાં ઘણો જ આક્રોશ છે. શ્રીમતી નિશા ભવરે વધુમાં જણાવ્યું હતું કે, મહિલાઓના હક્ક - અધિકાર અને સમ્માનની વાતો ફક્ત 'ભાષણો'માં જ રહી ગઈ છે. સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ અને તેજતર્રાર નેતા શ્રી અખિલેશ યાદવે સંસદમાં જે નિવેદન આપ્યું કે સંસદમાં મહિલાઓની સંખ્યા વધુ રહેશે તો સંસદમાં લડાઈ ઝઘડા થશે, તો શું પુરુષો સંસદમાં લડાઈ ઝઘડા નથી કરતા?

- (વધુ પાના નં.૨ પર)

## ભાજપ મતલબ મહિલા વિરોધી માનસિકતાવાળી પાર્ટીઃ દાનહ કોંગ્રેસ

### 'નારી શક્તિ વંદન અધિનિયમ' ૨૦૨૩માં જ સંસદના બન્ને ગૃહોમાં સર્વસંમતિથી પસાર થયો હતો, જેમાં કોંગ્રેસ પાર્ટીએ પણ સંપૂર્ણ સમર્થન આપ્યું હતું, તેમ છતાં કેન્દ્રની ભાજપ સરકારે આજદિન સુધી તેનો અમલ કેમ નથી કર્યો..?: દાનહ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયાનો સવાલ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૧

દાદરા નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રભુભાઈ ટોકીયાએ કેન્દ્ર સરકાર પર મહિલા આરક્ષણ મુદ્દે તીખા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ભાજપા મતલબ મહિલા વિરોધી માનસિકતા વાળી પાર્ટી છે, કારણ કે તેઓની ૩૩ ટકા મહિલા આરક્ષણ અમલમાં મુકવાની સાચી ઈચ્છા ક્યારેય નહોતી.

શ્રી ટોકિયાએ જણાવ્યું છે કે, 'નારી શક્તિ વંદન અધિનિયમ' ૨૦૨૩માં જ સંસદના બન્ને ગૃહોમાં સર્વસંમતિથી પસાર થયો હતો, જેમાં કોંગ્રેસે પણ સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. તેમ છતાં કેન્દ્રની ભાજપ સરકારે આજદિન સુધી તેનો અમલ કર્યો નથી એ તેઓની માનસિકતા છતી કરે છે. વાસ્તવમાં મોદી સરકાર એજ ઈચ્છતી હતી અને સરકારનો ઈરાદો હતો કે આ સંવિધાન સંશોધન બિલની આડમા પુનઃ મહિલા બિલને હાંસિયામાં ધકેલી દેવામાં આવે. આ બિલના સહારે મોદી સરકાર ફક્ત કોંગ્રેસ પાર્ટી અને પુરા વિપક્ષના પ્રત્યે દેશમાં નકારાત્મકતાનો સંદેશ ફેલાવી રહી છે.

- (વધુ પાના નં.૨ પર)

## દમણ ન.પા. કાઉન્સિલર અને પૂર્વ અધ્યક્ષ અસ્પી દમણિયાએ દમણથી સેલવાસ-સાયલી સુધીની GSRTC બસ સેવાનું કરેલું ઉદ્‌ઘાટન

### વિધિવત પૂજા કરી લીલી ઝંડી બતાવી બસને સેલવાસ માટે રવાના કરતા પ્રવાસીઓમાં છવાયેલો આનંદ અને ખુશીનો માહોલઃ દમણથી સેલવાસ અને સેલવાસથી દમણ પ્રવાસ માટે પ્રવાસીઓને અવર-જવર માટે રહેશે અનુકુળતા





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૧

આજે દમણ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ના કાઉન્સિલર અને પૂર્વ અધ્યક્ષ શ્રી અસ્પી ઈ. દમણિયાએ નાની દમણ બસ સ્ટેન્ડથી સેલવાસ-સાયલી વાયા ભીલાડને જોડતી નવી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) બસ સેવાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સેવા લોકોની, ખાસ કરીને નમો કોલેજ જતા વિદ્યાર્થીઓ અને નમો હોસ્પિટલ જતા દર્દીઓની, લાંબા સમયથી ચાલતી માંગણીને પૂર્ણ કરે છે, જેમને દમણ અને સેલવાસ વચ્ચે દૈનિક મુસાફરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. અગાઉ, ૨૦-૨૫ મુસાફરોની મર્યાદિત બેઠક ક્ષમતા ધરાવતી નાની એસી બસ જ ઉપલબ્ધ હતી, જે મુસાફરોની વધતી સંખ્યા માટે પૂરતી નહોતી.

દમણ ઝડપથી શૈક્ષણિક કેન્દ્ર અને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામી રહ્યું હોવાથી, ૪૫ મુસાફરોની ક્ષમતાવાળી બસ સેવાની જરૂરિયાત જરૂરી બની ગઈ હતી. GSRTCએ હવે આ મહત્ત્વપૂર્ણ રૂટ શરૂ કરીને સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે, જે દમણને ગુજરાત અને ભારતના વિવિધ ભાગો સાથે પણ જોડશે.

આ શુભ પ્રસંગે, શ્રી અસ્પી ઈ. દમણિયાએ પરંપરાગત પૂજાવિધિ કરીને અને બસને લીલી ઝંડી આપીને પ્રથમ બસ સેવાને દમણથી સેલવાસ માટે રવાના કરી હતી. આ સેવાનો સત્તાવાર પ્રારંભ થવાથી સ્થાનિક રહેવાસીઓ સહિત પ્રવાસીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે.

- (વધુ પાના નં.૨ પર)

## કુ. જેનિકા ચૌહાણે સી.બી.એસ.ઈ.ની ધોરણ ૧૦ની પરીક્ષામાં દાનહમાં તૃતિય અને જીવરાજકા ઈન્ટરનેશનલ સ્કૂલમાં દ્વિતીય સ્થાન મેળવી સમસ્ત રાજપુત સમાજનું વધારેલું ગૌરવ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૧

દાદરા નગર હવેલીમાં ક્ષત્રિય રાજપુત સમાજની દિકરી કુ. જેનિકા ચૌહાણે ૯૮ ટકા માર્કસ સાથે જીવરાજકા ઈન્ટરનેશનલ સ્કૂલમાં દ્વિતીય અને દાદરા નગર હવેલીમાં ત્રીજું સ્થાન મેળવી પ્રદેશ અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ફેબ્રુઆરી ૨૦૨૬માં સી.બી.એસ.ઈ. બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૦ની પરીક્ષામાં સાયલી સ્થિત જીવરાજકા ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની કુ. જેનિકા બ્રિજેશસિંહ ચૌહાણે ૯૮ ટકા ગુણ મેળવી શાળામાં બીજું સ્થાન તથા દાનહમાં ત્રીજું સ્થાન હાંસલ કરી રાજપુત સમાજમાં એક અનોખી સિદ્ધિ મેળવી છે.

કુ. જેનિકા સેલવાસના સુપ્રસિદ્ધ તબીબ શ્રીમતી ડૉ. શીતલ ચૌહાણ તથા શ્રી બ્રિજેશસિંહ નટવરસિંહ ચૌહાણના દિકરી છે. કુ. જેનિકાએ પોતાની કઠોર મહેનત, લગન અને સતત વાંચન કરી આ સફળતા મેળવી છે. જેના કારણે પરિવાર સાથે સમગ્ર દાદરા નગર હવેલી તથા નરોલી રાજપુત સમાજમાં ગૌરવની લાગણી વ્યાપી છે.

આ પ્રસંગે દાદરા નગર હવેલીમાં નગરજનો તથા નરોલી રાજપુત સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા કુ. જેનિકાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



JENICA CHAUHAN
98%

## દાભેલ ગ્રામ પંચાયત ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૧





દાભેલ ગ્રામ પંચાયત ખાતે લીગલ અવેરનેસ(કાનૂની જાગૃતિ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાભેલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી તોરલબેન ભૂપેન્દ્રભાઈ પટેલ, ઉપ સરપંચ શ્રી શૈલેષભાઈ બાવાભાઈ પટેલ, પંચાયતના સભ્યો, સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી દમણ તથા એડવોકેટ્સ બાર એસોસિએશન તરફથી આવેલ વકીલશ્રીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત નાગરિકોને વિવિધ કાનૂની અધિકારો, ફરજો તેમજ સરકારી યોજનાઓ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી. આ અવસરે તમામ ઉપસ્થિતોને જાગૃત રહેવા તથા વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.




## સુવિચાર - સદ્દ્વિચાર

જ્યાં આશા છે, ત્યાં રસ્તો છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### અનહદ ડંકા બજા

અનહદ ડંકા બજા, દેખ લો શૂન્યમંડલ કી મજા.
ધિમિધિમિ ધિમિધિમિ નોબત બાજે, ઘડુડુડુ ઘોર ગગન ગાજે;
મહુઅર નાદ મનોહર રાજે,
પંચ રંગ કી પ્રસિદ્ધ ફરકે, સત્ય નામ પર ધજા... દેખ લો૦
વેણુ વાજે શંખ શરણાઈ, ઝાંઝ મૃદંગ ભેરી સુખદાઈ,
ઓર નાદ કછુ કહી ન જાઈ,
એક ચિત્ત સે સુન લો પ્યારે, ગગન રહત હૈ ગજા... દેખ લો૦
બાદલ બિના બિજ ચમકારા, બરસે મેઘ સુધારસ સારા,
કોટી કોટી સૂરજ ઉજિયારા,
ઐસી શોભા નીરખ નિરંતર, ઓર તુચ્છ સબ તજા... દેખ લો૦
યે સુખ મુખ સે કહ્યા ન જાવે, દેખે સો હી પરમપદ પાવે,
જીવ શિવ એક હી હો જાવે,
જન 'છોટમ' જંજાલ છાંડ કે, ઐસા સાધન સજા... દેખ લો૦

- છોટમ કવિ

## આજની જોક

છોકરી - મારા ફોનમાં નેટવર્ક નથી આવી રહ્યું
દુકાનદાર - મેડમ, એ તો ખરાબ હવામાનના કારણે.
છોકરી - ભાઈ, ગમે એટલા પૈસા લાગે એ લઈ લો,
બસ નવું હવામાન નાખી દો
દુકાનદાર બેભાન...

## કબીર વાણી

**જીવત સેં મરનો ભલો, જો મર જાને કોય;**
**મરને પહેલે જો મરેં, કુલ ઉજીયારા હોય.**

**- અર્થાત-**

જીવવા કરતાં મરવું બેહેતર છે, પણ કેમ મરવું એ જે જાણતો હોય ત્યારેજ, અને તે રીતે જે મરણ આગમચ મરે, તેને સઘળું અજવાળું થઈ જાય.

## આજનો દિન વિશેષ

### માધવ રામાનુજ

માધવ રામાનુજ (ગુજરાતી : માધવ રામાનુજ, જન્મ ૨૨ એપ્રિલ ૧૯૪૫) ગુજરાત, ભારતના ગુજરાતી કવિ અને લેખક છે. ટેમે (૧૯૭૨) અને અનાહદનુ એકાંત (૨૦૧૩) તેમના કાવ્યસંગ્રહો છે. તેમણે ગુજરાતી સાહિત્યમાં તેમના યોગદાન બદલ નરસિંહ મહેતા એવોર્ડ (૨૦૧૨) અને સાહિત્ય ગૌરવ પુરસ્કાર (૨૦૧૬) જીત્યા હતા.



રામાનુજનો જન્મ ભારતના ગુજરાત રાજયના અમદાવાદ જિલ્લાના પચ્છમ ગામમાં થયો હતો. તેમના પિતા ઓધવદાસ રામાનુજ હતા. તેમણે ૧૯૭૩માં શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસમાંથી એપ્લાઈડ આર્ટ્સમાં ડિપ્લોમા ઓફ આર્ટસ પૂર્ણ કર્યું. તેઓ ૧૯૭૩માં એપ્લાઈડ આર્ટ્સના પ્રોફેસર તરીકે એ જ કૉલેજમાં જોડાયા, અને તે જ કૉલેજના આચાર્ય તરીકે નિવૃત્ત થયા. તેઓ ૧૯૬૯માં અખંડ આનંદના સંપાદક બન્યા. તેમણે ૧૯૬૯-૭૦માં પ્રકાશન ગૃહ, વોરા એન્ડ કંપની સાથે કામ કર્યું. તેમણે આર.આર. શેઠ એન્ડ કંપની માટે ૧૯૭૦ થી ૧૯૭૩ દરમિયાન પુસ્તકોના કવર ડિઝાઈન કર્યા હતા.

તેમણે ગાંધર્વ સંગીત વિદ્યાલય ટ્રસ્ટ, અમદાવાદ અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે સેવા આપી હતી. તેઓ દૂરદર્શન, અમદાવાદના સલાહકાર હતા. તેમણે અમદાવાદ ખાતે ઈન્સ્ટિટ્યૂટ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC)ના માનવ સંસાધન વિભાગના વડા તરીકે કામ કર્યું હતું. તેમણે IKDRC ખાતે ''કિડની થિયેટર'' જૂથની સ્થાપના કરી, જે કિડની સંબંધિત બિમારીઓ અંગે જાગૃતિ માટે નાટકોનું આયોજન કરે છે.

## બ્યુટી ટીપ્સ

**ઉનાળાની સ્ટાઈલ અને ડ્રેસિંગ ટિપ્સ :** ઉનાળા માટે, લિનન અને કોટન જેવા શ્વાસ લેવા યોગ્ય કાપડને પ્રાધાન્ય આપો, હવાદાર મેક્સી ડ્રેસ, સુન્ડ્રેસ અને તટસ્થ ટોનમાં હળવા સ્તરો પસંદ કરો. સૌંદર્ય દિનચર્યાઓમાં હાઈડ્રેશન, ઉચ્ચ એસપીએફ સુરક્ષા અને ન્યૂનતમ મેકઅપ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, ગરમીમાં છિદ્રો ભરાયેલા ટાળવા માટે ક્રીમ-આધારિત ઉત્પાદનો અને ટિન્ટેડ મોઈશ્ચરાઈઝર્સનો ઉપયોગ કરવો જોઈએ.

**ફેબ્રિક પસંદગીઓ:** ઠંડા રહેવા માટે લિનન, કોટન અને સીરસકર જેવા શ્વાસ લેવા યોગ્ય કાપડને પ્રાધાન્ય આપો.

**મુખ્ય કપડાના ટુકડા:** હવાદાર મેક્સી ડ્રેસ, નાના સફેદ ડ્રેસ (LWD), સુન્ડ્રેસ અને ફ્લોઈ સ્કર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરો.

**વર્સટાઈલ ટોપ્સ:** લાંબી બાંયનો લિનન શર્ટ એક બહુમુખી વિકલ્પ છે જે તમને આરામદાયક રાખવા સાથે સૂર્યથી રક્ષણ આપે છે.

**લેયરિંગ:** તમારા દેખાવને વ્યાખ્યાયિત કરવા અને વધઘટ થતા તાપમાનને સમાયોજિત કરવા માટે કમરની આસપાસ બાંધેલા ગૂંથેલા જેવા હળવા સ્તરોનો ઉપયોગ કરો.

**એસેસરીઝ:** તમારા ચહેરાને સુરક્ષિત રાખવા અને સ્ટાઈલિશ સ્પર્શ ઉમેરવા માટે પહોળી બ્રિમ્ડ ટોપીઓ અને સનગ્લાસ પહેરો.

**ઉનાળાની સુંદરતા અને ત્વચા સંભાળ ટિપ્સ :** હળવો મેકઅપ, મેકઅપને લપસતો અટકાવવા માટે ટિન્ટેડ મોઈશ્ચરાઈઝર, ક્રીમ બ્લશ અને પાણી આધારિત ફોર્મ્યુલા જેવા ઉત્પાદનોનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા નિયમિત રીતે ઉપયોગ કરો.

**ત્વચા સંભાળ:** જેલ-આધારિત ક્લીન્ઝર અને મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો, અને સૂર્યના નુકસાનનો સામનો કરવા માટે એન્ટીઑક્સિડન્ટથી ભરપૂર ઉત્પાદનો (જેમ કે વિટામિન સી)નો સમાવેશ કરો.

# દીવ પોલીસના સ્પેશિયલ સ્ટાફ દ્વારા નાગવા રોડ પરથી દારૂના જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૧**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના નાગવા એરપોર્ટ રોડ પર દીવ પોલીસ સ્પેશિયલસ્ટાફ શ્રી જીતેન્દ્ર વી.પંડ્યા અને કોસ્ટેબલ શ્રી કેતન રાઠોડ પેટ્રોલિંગ કરી રહ્યા હતા, ત્યારે આશરે ૪ કલાકે એરપોર્ટ રોડ નજીક ટીવીએસ જ્યુપીટર નંબર જીજે૩૨એએલ ૬૭૭૭ પર સવાર શંકાસ્પદ વ્યક્તિઓ નજરે પડતા પોલીસ સ્પેશ્યલ સ્ટાફ દ્વારા તેમનો પીછો કરી બે શખ્સની અટકાયત કરી તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ગાડીની ડીકીમાંથી તથા તેમના પગ પાસે રાખેલ થેલામાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, તેની વધુ પૂછપરછ દરમિયાન તેઓએ પોઠીયા દાદા પાસે પણ દારૂ છુપાવ્યો હોય તેવું જણવા મળ્યું હતું. આ તમામ દારૂના જથ્થાને કબજે કરી અને ચોરવાડા મહમદસાબીર ઈકબાલ (ઉમર વર્ષ ૩૨) રહેવાસી મરછારા ચોક ઉના ગુજરાત, અને ઈમરાન ફરીદભાઈ કુરેશી (ઉમર વર્ષ ૩૩) રહેવાસી લાઈબ્રેરી ચોક પટેલ શેરી ઉના ગુજરાત આ બંનેની પરમિટ વગરના દારૂ સાથે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેની પાસથી ૧૨૬૯૭ નો દારૂ અને ૭૨૦૦૦ની ગાડી થઈ કુલ ૮૪,૬૯૭ના મુદામાલ કબજે કરી અને ગેરકાયદેસર બિન પરમીટ દારૂનો જથ્થો એક્સાઈઝ વિભાગને સોંપવામા આવ્યો હતો. જેમાં (૧) જેન્ટલ ટચ ૧૮૦ એમએલ નં.૯૬ રૂા.૬૭૨૦, (૨) રોયલ ચેલેન્જ વ્હીસ્કી ૧૮૦ એલ નંગ-૪૨ રૂા.૩૭૮૦, (૩) મેજીક મોમેન્ટ પીન્ક વોડકા ૧૮૦ એમએલ નં. ૦૯ રૂા.૭૯૨ (૪) રોયલ સ્ટેજ ક્લાસીક વ્હીસ્કી ૧૮૦ એમએલ ૦૭ નંગ ૧૨૨૫ (૫) ટેગ પ્રિમીયમ લાર્જર બીયર ૫૦૦ એમએલ નંગ-૦૩ રૂા.૧૮૦ સાથે ગાડી મેસ્ટ્રો એડઝ(જીજે-૩૨-એલ-૬૭૭૭) રૂા.૭૨૦૦૦ સાથે કુલ ૮૪,૬૯૭/-નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.

ઉપરોક્ત મુદ્દામાલ કબજે લઈ તેની જાણ ઉપરી અધિકારીશ્રીઓને કરવામાં આવેલ છે. ગેરકાયદેસર અને બિનપરમિટ દારૂનો જથ્થો આગળની કાર્યવાહી માટે એક્સાઈઝ વિભાગને સોંપવામાં આવેલ છે.

## ૨૦૩૦ સુધી ઓઈલની માથાકૂટ સમાપ્ત

# હોર્મુઝ ટેન્શન વચ્ચે ભારત અને રશિયાનો મોટો ખેલ

**રશિયા પર પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે યુરોપિયન વીમા કંપનીઓએ રશિયન તેલ વહન કરતા જહાજોને વીમો આપવાનું બંધ કર્યું હતું**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી,તા.૨૧**

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી નાકેબંધીના કારણે વિશ્વભરમાં ઓઈલ અને ગેસના પુરવઠાને લઈને ચિંતા વધી છે. આ કટોકટીના સમયે ભારતે અત્યંત સમજદારીપૂર્વકનું પગલું ભર્યું છે. ભારત સરકારે રશિયાથી ઓઈલ લાવતા જહાજો માટે વીમો આપતી રશિયન કંપનીઓની સંખ્યા વધારવાનો નિર્ણય લીધો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ (DGS) દ્વારા અગાઉ ૮ કંપનીઓને મંજૂરી અપાઈ હતી, જે હવે વધારીને ૧૧ કરી દેવામાં આવી છે.

ભારતનો આ નિર્ણય દેશની ઊર્જા સુરક્ષા માટે એક મજબૂત 'સુરક્ષા કવચ' સમાન માનવામાં આવે છે.

આ કંપનીઓ જહાજોને ખાસ પ્રકારનો વીમો પૂરો પાડે છે, જેને P&I કવરકહેવામાં આવે છે. આ વીમા વગર કોઈપણ જહાજ આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં કાર્ય કરી શકતું નથી. રશિયા પર પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે યુરોપિયન વીમા કંપનીઓએ રશિયન તેલ વહન કરતા જહાજોને વીમો આપવાનું બંધ કર્યું હતું. ભારત હાલમાં રશિયા પાસેથી મોટી માત્રામાં સસ્તું તેલ ખરીદી રહ્યું છે, તેથી તેલ પુરવઠામાં કોઈ અડચણ ન આવે તે માટે ભારતે રશિયન અને દુબઈ સ્થિત કંપનીઓને મંજૂરી આપીને આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધી કાઢ્યો છે.



ભારતે માત્ર વર્તમાન જ નહીં પરંતુ આગામી ઘણા વર્ષોનું આયોજન કરી લીધું છે. ગઝપ્રોમ ઈન્શ્યોરન્સ અને રોસગોસ્રાખ જેવી મોટી રશિયન કંપનીઓને ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી, જ્યારે VSK, સોગાઝ અને આલ્ફાસ્ટ્રાખોવાની જેવી કંપનીઓને ૨૦૩૦ સુધી કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, કોઈ એક પર નિર્ભરતા ઘટાડવા માટે દુબઈ સ્થિત 'ઈસ્લામિક પ્રોટેક્શન એન્ડ ઈન્ડેમ્નિટી ક્લબ'ને પણ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી સેવાઓ આપવાની પરવાનગી મળી છે.

વિશ્વમાં ઓઈલ આયાત કરતો ભારત ત્રીજો સૌથી મોટો દેશ છે. ઓઈલનો મોટો હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થાય છે, જ્યાં અત્યારે ભારે તણાવ છે. જો આ રસ્તો બંધ થાય કે તેમાં અડચણ આવે તો ભારતની અર્થવ્યવસ્થા પર સીધી અસર પડી શકે તેમ છે. આ કપરા સમયમાં રશિયન ઓઈલ માટે વીમા વ્યવસ્થા મજબૂત કરીને ભારતે ખાતરી કરી છે કે દેશમાં ઓઈલ અને ગેસની કોઈ અછત સર્જાશે નહીં.






**વિશ્વમાં ઓઇલ આયાત કરતો ભારત ત્રીજો સૌથી મોટો દેશ છે, ઓઇલનો મોટો હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થાય છે, જ્યાં અત્યારે ભારે તણાવ છે**

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણ ન.પા. કાઉન્સિલર...**

બસ દરરોજ સવારે ૦૬:૪૦ અને ૦૮:૧૦ વાગ્યે દમણથી ઉપડશે. સેલવાસ - સાયલીથી દમણ સુધીની પરત સેવા બપોરે ૧૩:૧૦, ૧૪:૨૦ અને સાંજે ૧૮:૦૦ વાગ્યે ઉપલબ્ધ થશે. આ સુધારેલ કનેક્ટિવિટી મુસાફરીનો બોજ ઘટાડશે, સમય બચાવશે અને દમણ અને નજીકના વિસ્તારોના લોકો તેમજ પ્રવાસીઓ માટે શૈક્ષણિક, તબીબી, આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપશે.

કાઉન્સિલર શ્રી અસ્પી ઈ. દમણિયાએ જનતાની જરૂરિયાતોને સમજવા અને આ મૂલ્યવાન સેવા શરૂ કરવા બદલ GSRTCનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવી પહેલો દમણના વિકાસમાં મોટો ફાળો આપે છે અને તેના રહેવાસીઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરે છે. તેમણે ભવિષ્યમાં આવી વધુ જાહેર-મૈત્રીપૂર્ણ પરિવહન સેવાઓની આશા પણ વ્યક્ત કરી. દમણના લોકોએ આ પહેલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે અને પ્રદેશમાં વધુ સારી પરિવહન સુવિધાઓ લાવવા માટે કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**ભાજપ મતલબ મહિલા...**

પરંતુ મોદી સરકારના આ ખેલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી રાહુલ ગાંધી અને આખો વિપક્ષ અગાઉથી જ સમજી ચુક્યો હતો કે, આ મહિલા આરક્ષણ સંશોધન બિલ પાછળ ૨૦૨૯ લોકસભા ચૂંટણીને જીતવાની રણનીતિ હતી.

શ્રી પ્રભુભાઈ ટોકિયાએ ખાસ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, પૂર્વોત્તરના રાજ્ય મણિપુરમાં વર્ષોથી હિંસા ચાલી રહી છે, હજારો મહિલાઓને અન્યાય થઈ રહ્યો છે ત્યારે મોદી સરકાર દ્વારા દેશના નામે કોઈ સંબોધન નહિ, ખેડૂત આંદોલનમાં ૭૫૦ ખેડૂતો શહીદ થયા ત્યારે દેશના નામે કોઈ સંબોધન નહિ, પુલવામામાં આતંકવાદી હુમલો, પહલગામમાં આતંકી હુમલો, ખરાબ સમયે નોટબંધી, બિનજરૂરી અને અયોગ્ય જીએસટી ગાલુ કરવો, લોકડાઉનથી લાખો ઉદ્યોગ તબાહ થયા, કેરલ હિમાચલમાં કુદરતી આપદા સમયે દેશના નામે કોઈ જ સંબોધન નહિ અને ઓરિસ્સા, છત્તીસગઢ જેવા વિસ્તારોમાં આદિવાસીઓ સાથે થઈ રહેલ અન્યાય પર વડાપ્રધાન ચુપ કેમ છે.?

દેશમાં બેરોજગારી અને મોંઘવારી દિવસે ને દિવસે વધી રહી છે પણ દેશના નામે કોઈ જ સંબોધન નહિ, વડાપ્રધાન મોદીનું સંબોધન ફક્ત એક જૂઠને સાચું બનાવવા માટે દેશની જનતા સામે ભાવુક થઈ 'નારી શક્તિ'ને આગળ કરી એક રાજકીય ફાયદો લેવાની ચેષ્ટા કરી, પરંતુ મોદીના આ જૂઠને દેશની જનતા સારી રીતે હવે સમજી ગઈ છે. નારી શક્તિ મોદીના આ જૂઠને કદી માફ નહિ કરશે અને સમગ્ર દેશ સહિત દાદરા નગર હવેલી કોંગ્રેસ પણ મોદી સરકારની કરતૂતોની સખત નિંદા કરે છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**૧૭ એપ્રિલ ૨૦૨૬...**

મહિલાઓને લઈ ટીકા ટિપ્પણી કેમ થતી રહે છે? મહિલાઓના હક્ક અધિકારની લડાઈ નહિ રોકાશે, આક્રોશ નહિ અટકશે જ્યાં સુધી અમારો હક્ક અધિકાર નહિ મળે ત્યાં સુધી આ લડાઈ ચાલુ રહેશે. પંચાયતથી લઈ સંસદ સુધી એક સામાન્ય મહિલાઓનો અવાજ છે એને અમે દેશભરમાં પહોંચાડીશું. દાનહમાં પણ જનપ્રતિનિધિ મહિલાઓ ઉદ્યોગોમાં કામ કરતી મહિલા, સમાજસેવા કરવાવાળી મહિલાઓમાં પણ આક્રોશ વ્યાપ્યો છે.

આ અવસરે સેલવાસ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી રજની શેટ્ટીએ પણ જણાવ્યું હતું કે, 'નારી શક્તિ વંદન અધિનિયમ'ને લઈ વડાપ્રધાનશ્રીએ સંસદમાં પ્રસ્તાવ મુક્યો હતો. એને કોંગ્રેસ પાર્ટીએ પાસ નહિ થવા દીધો અને એને ખારીજ થવા પર ભાજપ દ્વારા પ્રેસવાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'નારી શક્તિ વંદન અધિનિયમ' મહિલાઓને સશક્ત કરવા માટે ઘણો જ ઐતિહાસિક પગલું છે. પરંતુ કોંગ્રેસ પાર્ટીએ એને સમર્થન નહિ કરતા રાજનૈતિક દિશા લઈને એમણે વિચાર્યું કે આ અધિનિયમમાં ફક્ત ભારતીય જનતા પાર્ટીની જ મહિલાઓને ફાયદો થશે. અગર આ અધિનિયમ લાગુ થઈ જાત તો સમગ્ર દેશભરની મહિલાઓને આ અધિનિયમનો લાભ મળી શકત. કોંગ્રેસે મહિલાઓને આગળ વધવાથી વંચિત રાખી છે. અગર મહિલાઓને આ અધિનિયમનો લાભ મળતે તો નિશ્ચિત રૂપે આપણો દેશ આગળ વધતે. જ્યારે કોંગ્રેસ સરકાર હતી ત્યારે તે લોકો મહિલાઓના સશક્તિકરણની વાતો કરતા હતા પરંતુ ક્યારેય પણ આ અધિનિયમ લાગુ નહિ થવા દીધો, અને જ્યારે અમારી ભાજપા સરકાર આ અધિનિયમને લાગુ કરવા માંગે છે તો એમાં રોડા નાંખવામાં આવી રહ્યા છે એ ઘણી જ નિંદનીય હરકત છે.

શ્રીમતી શેટ્ટીએ વધુમાં આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, કોંગ્રેસને એ નથી દેખાતું કે આપણો દેશ કેટલો આગળ વધી રહ્યો છે, કયા સ્તર પર આવી ગયો છે જેમાં મહિલાઓનો પણ મોટો હાથ છે. વડાપ્રધાન મોદીનું માનવું છે કે મહિલાઓને આગળ લાવીશું તો આપણો દેશ આગળ વધશે. જેથી અમે આ મુદ્દા પર હંમેશા સાથે રહીશું. જો આ અધિનિયમ સંસદમાં પાસ થઈ શક્યો હોત તો ભાજપા અને કોંગ્રસ પાર્ટીની મહિલાઓને પણ એનો ફાયદો મળી શકત. અગર દેશનો વિકાસ કરવો છે તો સારા વિપક્ષને હંમેશા સાથ આપવો જોઈએ, પરંતુ કોંગ્રેસની આ હરકતની અમે નિંદા કરીએ છીએ. આ અવસરે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ નિશાબેન ભવર સહિત ડૉ. નૂતન બર્વે અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર દ્વારા

# દીવમાં શ્રી આધ્યા જગતગુરૂ શંકરાચાર્યજીના જન્મોત્સવ નિમિત્તે મઠની સ્થાપના કરી પૂજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૧**

દીવમાં શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર દ્વારા આજે વૈશાખ સુદ પાંચમને મંગળવારે શ્રી જગતગુરૂ શંકરાચાર્યજીના જન્મ દિવસ નિમિત્તે ચાર મઠની ઉત્તરમાં બદ્રીનાથ જ્યોતિ મઠ, પશ્ચિમમાં દ્વારકા શારદાપીઠ, પૂર્વમાં જગન્નાથપુરી ગોવર્ધન મઠ અને દક્ષિણે કર્ણાટક ચીકમંગલૂર શ્રૃંગેરી મઠ સ્થાપના કરી ધર્મગુરુ શ્રી શંકરાચાર્યજીનું પૂજન, દીપમાળા, આરતી તથા પ્રસાદીનો ઉત્સવ શ્રી દીવ જિલ્લા બ્રહ્મ સમાજ સંચાલક શ્રી રોહિતભાઈ આચાર્ય પ્રભુ દ્વારા ઉજવવામાં આવ્યો હતો.



## ચપ્પલમાં બ્લુટુથ, પેનમાં માઈક

# સરકારી ભરતી પરીક્ષામાં હાઈટેક ચોરી કરતા પકડાયો યુવક



**પરીક્ષા દરમિયાન તપાસ કરવામાં આવતા તેના ચપ્પલની અંદર એક બ્લૂટૂથ ડિવાઈસ અને પેનમાં છુપાવેલો માઈક્રોફોન મળી આવ્યો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી,તા.૨૧**

છપરા ખાતે સહાયક શિક્ષા વિકાસ અધિકારી (AEDO)ની ત્રીજા તબક્કાની પરીક્ષા દરમિયાન હાઈટેક ચોરીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

૨૦ એપ્રિલે યોજાયેલી પરીક્ષા દરમિયાન સાધૂલાલ પૃથ્વીચંદ ઉચ્ચતર માધ્યમિક શાળાના પરીક્ષા કેન્દ્ર પર એક ઉમેદવાર આધુનિક ટેક્નોલોજીની મદદથી ચોરી કરતા રંગે હાથ પકડાઈ ગયો હતો.

પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશતા પહેલા ઉમેદવારોની યોગ્ય રીતે તપાસ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન સિવાન જિલ્લાના બૈજુબરહોગા ગામના રહેવાસી રોહિત કુમારનું વર્તન થોડું વિચિત્ર લાગ્યું હતું. જે બાદ તેના પર નજર રાખવામાં આવી હતી. જે બાદ પરીક્ષા દરમિયાન તપાસ કરવામાં આવતા તેના ચપ્પલની અંદર એક બ્લૂટૂથ ડિવાઈસ અને પેનમાં છુપાવેલો માઈક્રોફોન મળી આવ્યો.

તપાસમાં ખુલ્યું કે ઉમેદવાર આ ડિવાઈસની મદદથી પરીક્ષા દરમિયાન બહાર બેઠેલા કોઈ વ્યક્તિ પાસેથી સવાલોના જવાબ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મામલાની ગંભીરતા જોતા પરીક્ષા કેન્દ્ર પર શિક્ષકો દ્વારા તરત જ કાર્યવાહી કરીને પરીક્ષાર્થીને કસ્ટડીમાં લીધો અને સ્થાનિક પોલીસને જાણ કરી. છપરા નગર પોલીસે ઉમેદવાર વિરુદ્ધ FIR નોંધીને તેની ધરપકડ કરી છે. કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને જેલ મોકલવામાં આવ્યો છે.

આ ઘટનાને પગલે જિલ્લા વહીવટી તંત્રને તમામ પરીક્ષા કેન્દ્રો પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવાની સૂચના આપી છે. અધિકારીઓએ સ્પષ્ટ કહ્યું છે કે, પરીક્ષાની નિષ્પક્ષતા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં અને ટેક્નોલોજી દ્વારા નકલ કરનારા વિરુદ્ધ કડક કાર્યવાહી ચાલુ રહેશે. પરીક્ષા કેન્દ્રના સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું કે, "ફ્રિસ્કિંગ દરમિયાન ઉમેદવાર શંકાસ્પદ લાગ્યો. તપાસમાં હાઈટેક બ્લૂટૂથ અને માઈક્રોફોન મળ્યા, ત્યારબાદ તરત પોલીસને જાણ કરવામાં આવી."

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા - 98259 89444**

# શાળાઓમાંથી ઉઠ્યો લોકશાહીનો સંદેશ: વલસાડ જિલ્લામાં ૨૯૨ શાળાઓમાં ભવ્ય મતદાન જાગૃતિ અભિયાન

## વિદ્યાર્થીઓ બન્યા જાગૃતિના દૂત: 'મારો મત-મારો અધિકાર' સંદેશ સાથે ઉત્સાહભેર કાર્યક્રમો યોજાયા








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદાન પ્રત્યે નાગરિકોમાં વ્યાપક જાગૃતિ ફેલાવવા વલસાડ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી-વ-જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્માના માર્ગદર્શન હેઠળ સ્વીપ મેનેજમેન્ટના નોડલ અધિકારી-વ-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો.રાજેશ્રી ટંડેલના નેતૃત્વમાં જિલ્લા તંત્ર તથા શિક્ષણ વિભાગ દ્વારા ભવ્ય અને સુવ્યવસ્થિત મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત આજે જિલ્લામાં કુલ ૨૯૨ શાળાઓમાં વિશાળ પ્રમાણમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. રંગોળી, નિબંધ, વકૃત્વ અને ચિત્ર સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને લોકશાહી પ્રત્યે પોતાની જવાબદારી અંગે સશક્ત સંદેશ આપ્યો હતો. સમગ્ર જિલ્લામાં શાળાઓમાં ઉત્સવમય અને પ્રેરણાદાયી વાતાવરણ જોવા મળ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકરીશ્રી-વ-કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, 'મતદાન એ માત્ર અધિકાર જ નહીં પરંતુ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે,અને તમામ નાગરિકોને આવનારી ચૂંટણીમાં નિર્ભય અને નિષ્ઠાપૂર્વક મતદાન કરવાની અપીલ કરી હતી. સ્વીપ મેનેજમેન્ટના નોડલ અધિકારીશ્રી ડો.રાજેશ્રી એ.એલ.ટંડેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ મારફતે સમાજના દરેક વર્ગ સુધી મતદાનનો સંદેશ પહોંચાડવાનો આ અભિયાનનો મુખ્ય હેતુ છે, જેમાં તમામ શાળાઓનો ઉત્સાહજનક સહભાગ જોવા મળી રહ્યો છે.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને મતદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને 'મતદાન કરવું એ આપણો અધિકાર જ નહીં પરંતુ ફરજ પણ છે' તે સંદેશ સાથે શપથ લેવડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના પરિવારજનો તથા આસપાસના નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

જિલ્લા તંત્ર દ્વારા આગામી દિવસોમાં બાઈક રેલીઓ તેમજ ગ્રામ્ય અને શાળા કક્ષાએ વિશાળ રેલીઓનું આયોજન કરવામાં આવશે, જેથી વધુમાં વધુ નાગરિકો સુધી મતદાનનો સંદેશ અસરકારક રીતે પહોંચે. જિલ્લા તંત્ર દ્વારા તમામ નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે, તેઓ લોકશાહી પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવા આવનારી ચૂંટણીમાં અવશ્ય મતદાન કરે અને 'મારો મત-મારો અધિકાર'ના સંદેશને સાકાર બનાવે.

# કરજગામમાં ભાજપનું શક્તિ પ્રદર્શન

## પૂર્વ મંત્રી રમણભાઈ પાટકરની અધ્યક્ષતામાં આયોજિત તાલુકા પંચાયત બેઠકના ઉમેદવાર મનીષભાઈ ધોડી અને જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર રામદાસભાઇ વરઠાની પ્રચાર સભામાં ઉમટેલી વિશાળ જનમેદની





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૧**

તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી પ્રચારમાં કરજગામ સ્થિત કોળીવાડ ખાતે એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પૂર્વ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરે મંચ પરથી કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, ભાજપ હંમેશા છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાની વિચારધારા સાથે કામ કરે છે. તેમણે મતદારોને અપીલ કરી હતી કે ૧૦ ફણસા જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર શ્રી રામદાસભાઈ વરઠા અને તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી મનીષભાઈ ધોડીને જંગી બહુમતીથી વિજયી બનાવી વિકાસયાત્રા ચાલુ રાખે.

આ પ્રસંગે કરજગામ પંચાયતના પૂર્વ સરપંચ શ્રી કમલેશભાઈ ધોડીએ પોતાના કાર્યકાળ દરમિયાન થયેલા વિવિધ લોકઉપયોગી કામોનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આગામી સમયમાં પણ ગામના વિકાસના બાકી રહેલા કાર્યોને ગતિ આપવા માટે ભાજપના ઉમેદવારોને વોટ આપવો અનિવાર્ય છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર શ્રી રામદાસભાઈ અને તાલુકા પંચાયત બેઠકના ઉમેદવાર શ્રી મનીષભાઈ ધોડીએ પક્ષ રજૂ કરી મતદારોને મતદાન કરવા માટે અપીલ કરી હતી.

આ જાહેરસભામાં શ્રી હર્ષદભાઈ, શ્રી મહેશભાઈ, શ્રી બાબુભાઈ અને શ્રી સંપતભાઈ સહિતના પક્ષના અનેક અગ્રણીઓ મંચ પર ઉપસ્થિત રહ્યા હતા.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો

# ડાંગના સુબિર તાલુકાની બેઠક પર સાસુ-વહુ વચ્ચે રાજકીય જંગ: મતદારોને રિઝવવા બન્ને મેદાને

**કોંગ્રેસ પક્ષે સાસુ પર ભરોસો મૂક્યો છે, જ્યારે ભારતીય જનતા પાર્ટીએ તેની જ વહુને ટિકિટ આપીને ચૂંટણી જંગને રસપ્રદ બનાવી દીધો**




(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુબીર,તા.૨૧**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે ડાંગ જિલ્લાની સુબીર-૧૬ જિલ્લા પંચાયત બેઠક અત્યારે આખા રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. સામાન્ય રીતે આપણે ટીવી સિરિયલોમાં સાસુ-વહુના ડ્રામા જોતા હોઈએ છીએ, પણ અહીં તો રાજનીતિના મેદાનમાં સાસુ અને વહુ આમને-સામને આવી ગયા છે. એક તરફ અનુભવી સાસુ છે, તો બીજી તરફ શિક્ષિત અને ઉત્સાહી વહુ છે.

ડાંગના સુબીર તાલુકામાં રાજકીય ગરમી સાતમા આસમાને છે. અહીં ખાસ કરીને સુબીર તાલુકાની બેઠક પર કોંગ્રેસ પક્ષે સાસુ પર ભરોસો મૂક્યો છે, જ્યારે ભારતીય જનતા પાર્ટીએ તેની જ વહુને ટિકિટ આપીને ચૂંટણી જંગને રસપ્રદ બનાવી દીધો છે. સંબંધોમાં જે સાસુ-વહુ હવે મતદારોના ઉંબરે જઈને એકબીજા વિરુદ્ધ મત માંગી રહ્યા છે. બન્ને લોકોએ જીત માટે એડી ચોટીનું જોર લગાવી દીધું છે, ગામે ગામ જઈને સભાઓ કરવી અને ઘરે ઘરે જઈને મત માંગવા માટે પક્ષના કાર્યકર્તાઓ સાથે ફરતા દેખાય છે.

કહેવામાં સુબીરની આ બેઠક રાજ્યના આદિવાસી જિલ્લાની છેવાડાની બેઠક છે જોકે હાલ સાસુ વહુની આ વૈચારિક લડાઈ હાલ સમગ્ર રાજ્યમાં ચર્ચાના સ્થાને છે. કોંગ્રેસ તરફે સાસુનું કહેવું છે કે રાજકારણ પોતાની જગ્યાએ છે અને પરિવાર પોતાની જગ્યાએ. પક્ષે મારા પર વિશ્વાસ મૂક્યો છે એટલે હું ચૂંટણી લડી રહી છું. પ્રજા જાણે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં કોઈ વિકાસના કામ નથી થયા એટલે હવે લોકો કોંગ્રેસને મત આપશે.

જ્યારે બીજી તરફ વહુ પણ આત્મવિશ્વાસ સાથે કહી રહી છે કે વિકાસની રાજનીતિમાં હું ભાજપ સાથે જોડાઈ છું. સાસુ પ્રત્યે આદર છે, પણ વિચારધારાની લડાઈમાં હું મક્કમ છું. જનતા પરિવર્તન ઈચ્છે છે.

પરિવારના બે સભ્યોની લડાઈમાં હવે જોવાનું એ રહેશે કે સુબીરની જનતા સાસુને આશીર્વાદ આપે છે કે 'આધુનિક વહુ'ના કમળને ખીલાવે છે. ભલે જીત ગમે તેની થાય, પણ ડાંગની આ બેઠક પરનો જંગ લોકશાહીના ઈતિહાસમાં યાદગાર બની રહેશે.

# જિલ્લા કલેક્ટર રાહુલદેવ બુરાના માર્ગદર્શન હેઠળ ફાયર સેફટી વીક ૨૦૨૬ અંતર્ગત દીવ નગર પાલિકા ખાતે આપત્તિલક્ષી માહિતી અપાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૧**

કલેક્ટર શ્રી રાહુલદેવ બુરાના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ ૨૧/૦૪/૨૦૨૬ના રોજ ફાયર સેફટી વીક ૨૦૨૬ અંતર્ગત દીવ જિલ્લા ખાતે નગર પાલિકા આપત્તિલક્ષી માહિતી આપવામાં આવી હતી. જેમાં નગર પાલિકાના પ્રમુખ શ્રી હરેશભાઇ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતી કરૂણાબેન સોલંકી, કાઉન્સિલરો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

તમામ ઉપસ્થિત લોકોએ શાંતિપૂર્વક કાર્યક્રમ નિહાળીયો કાર્યક્રમમાં ફાયર વિભાગ દીવના અધિકારી શ્રી પંકજભાઈ માહ્યાવંશી અને એમની ટીમ ઉપસ્થિત રહી અને આગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી તથા આગના પ્રકારો વિશે સમજાવવામાં આવ્યું અને આગ કેવી રીતે કાબૂમાં લાવી શકાય તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સાથે સાથે ઈમરજન્સી નંબર જેવા કે ૧૦૦, ૧૦૧, ૧૦૮, ૧૧૨ અને લેન્ડલાઈન નંબર ૦૨૮૭૫ ૨૫ ૩૦ ૩૯ અને ૨૫ ૨૭ ૬૪નું મહત્વ સમજાવ્યું અને તેનો ઉપયોગ ક્યાં અને કેવી રીતના કરવો તેનું પણ જ્ઞાન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દીવ તરફથી ડિઝાસ્ટર પ્રોજેક્ટ ઓફિસર શ્રી માધવ હાથી ઉપસ્થિત રહ્યા અને કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ વિશે ચર્ચા કરી અને વિનંતી કરી કે તમામ લોકો સચેત એપ્લિકેશન પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય એ હતો કે નગર પાલિકાના સ્ટાફને આપત્તિલક્ષી માહિતી પ્રાપ્ત કરે અને તેમના આજુબાજુના લોકોને પણ માહિતગાર કરે તથા દરેક લોકો ઈમરજન્સી નંબર ડિસ્પ્લે થાય તે માટે ફાયર વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓએ નિવેદન કર્યુ.

# દીવ ખાતે દાદાજી વૃદ્ધાશ્રમી ગુપ્ત પ્રયાગ દ્વારા આજથી સિનિયર સીટીઝન માટે નિ:શુલ્ક ટિફિન વ્યવસ્થા શરૂ કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૧**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે સંત શ્રી મુક્તાનંદ બાપુ સંચાલિત દાદાજી વૃદ્ધાશ્રમ ગુપ્ત પ્રયાગ દ્વારા સરાહનીય કામગીરી ચાલુ કરવામાં આવી છે. આજથી દીવ જિલ્લામાં રહેલ ૬૦વર્ષથી ઉપરના વૃદ્ધોને ભોજન પ્રસાદી એટલે કે નિ:શુલ્ક ટિફિન વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આજે સંત મુક્તાનંદ બાપુ, સમસ્ત જનરલ ખારવા સમાજના પટેલ શ્રી રવિન્દ્ર દેવગી, પૂર્વ પટેલ શ્રી જમનાદાસ ઘેડીયા, શ્રી પંકજભાઈ તથા ખારવા સમાજના મહાનુભાવો અને દાદાજી વૃદ્ધાશ્રમનો સ્ટાફ વગેરેએ ઘરે ઘરે જઈ અને ટિફિન પહોંચાડવામાં આવ્યું હતું.

# દીવમાં ભગવાન શ્રી પરશુરામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૧**

તા.૧૯ને રવિવારે શ્રી દીવ જિલ્લા ચોર્યાસી જ્ઞાતિ બ્રહ્મ સમાજ દ્વારા શ્રી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર અજર અમર ચિરંજીવી શ્રી પરશુરામ ભગવાનના પ્રાગટ્ય જન્મોઉત્સવ નિમિત્તે શાંતિપૂર્વક મંદિરના પરિસરમાં યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક ભજન મંડળની બહેનો, યજમાનો, સેવકો ધૂન સાથે યાત્રા કરી, વૈશાખ સુદ ત્રીજના દિવસે શ્રી વિષ્ણુ ભગવાને શ્રી પરશુરામ, નર નારાયણ, હયગ્રીવ અને ગૌતમ બુદ્ધ જેવા ચાર ચાર અવતારો ધારણ કર્યા હતા, અખાત્રીજ, અક્ષય તૃતીયાના તિથિ સતયુગના આરંભની અને જીવનના અનેક શુભ કાર્યો અને દાન પુણ્ય કાર્યનો આરંભ દિવસે અક્ષયફલ મળે છે એટલે, શ્રી દીવ જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા ૩:૦૦ વાગ્યે બપોરે શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે શ્રી પરશુરામ ભગવાનનું પૂજન તથા હાજર સંતોનું પૂજન શ્રી ગંગાધરભાઈ ભટ્ટ દ્વારા સ્વહસ્તે પૂજન કરવામાં આવ્યું હતું.

શ્રી જગતગુરુ શંકરાચાર્યજી, શ્રી પરશુરામદાદાના જયકારાથી આ યાત્રાની શરૂઆત શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરેથી શેરી માર્ગમાં ફરી અને યાત્રાને મંદિરમાં વિરામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બહેનો દ્વારા ભજન કીર્તન ધૂન અને પરશુરામ ભગવાનના નાદથી મંદિર ગુંજી ઉઠ્યું હતું.

ત્યારબાદ ૬:૩૦ કલાકે સાંજે ધર્મ પ્રવચનમાં શ્રી પરશુરામજીનું ટુંકમાં વર્ણન શ્રી રોહિતભાઈ આચાર્ય દ્વારા ધર્મપ્રવચન કર્યુ હતું. ત્યારબાદ સાંજે ૭:૦૦ કલાકે શણગાર, દીપમાળા થયા બાદ શ્રી પરશુરામ ભગવાન તથા શ્રી હાટકેશ્વર મહાદેવની મહા આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ મંત્ર પુષ્પાંજલિમાં મંદિરના દાનવીરશ્રીઓ તથા દાતાશ્રીઓને આજના શુભ દિવસની અક્ષય ફલની પ્રાપ્તિ અને આશીર્વાદ હંમેશા રહે તે જ પરશુરામ ભગવાનને પ્રાર્થના કરીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી, ત્યાર પછી સાંજે ૮:૦૦ કલાકે સહુ ભકતોએ પ્રસાદી લીધી અને સહુને આજના શુભ દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને જય પરશુરામના નાદથી દીવ જિલ્લાને ગુંજતું કરવામાં આવ્યું.

આ સમગ્ર આયોજન મંદિર સંચાલક તથા શ્રી દીવ જિલ્લા બ્રહ્મસમાજ સંચાલક વતી શ્રી પૂજારી રોહિત આચાર્ય પ્રભુના માર્ગદર્શન હેઠણ સેવાભાવી દીશાન્ત, ધૃવી, બંસી, ધ્રુતી, વિનાયકભાઇ યુવાઓએ જહેમત ઉઠાવેલી, શ્રી બ્રહ્મસમાજ વતી રોહિત આચાર્ય દ્વારા દરેક ભજન મંડળની બહેનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ચૂંટણી પ્રચારમાં ભૂતકાળની ભૂલો ગણાવ્યે રાખવાથી કે પ્રવર્તમાન શાસકોની ખામીઓ જ માત્ર ગણાવ્યે રાખવાથી મતદારોને હવે સરળતાથી રિઝવી શકાતા નથી

**ગુ**જરાતમાં ૨૮મી એપ્રિલ અને પાંચ રાજ્યોમાં ચોથી મેના દિવસો મહત્ત્વપૂર્ણ હશે, કારણ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પછી તેની મતગણતરી ૨૮મી એપ્રિલે થશે, અને જેની ચૂંટણી થઈ રહી છે, તે પાલિકા, મહાપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતોમાં નવા નેતાઓ ચૂંટાશે, તો પાંચ રાજ્યોમાં પણ ચોથી મેના દિવસે ચૂંટણીઓ સંપન્ન થયા પછી નવા સત્તાધીશો સત્તાના સૂત્રો સંભાળશે. આથી કહી શકાય કે એક અઠવાડિયામાં ગુજરાતની જનતાએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે અને બે અઠવાડિયામાં પાંચ રાજ્યોમાં નવી વિધાનસભાઓ માટે મતદારોએ જનાદેશ આપી દીધો હશે. અત્યારે ગુજરાત સહિત દેશમાં ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે, અને ગુજરાતમાં રાજકીય પક્ષોના પ્રાદેશિક કક્ષા અને રાષ્ટ્રીય કક્ષના નેતાઓ પાંચ રાજ્યોની ચૂંટણીઓ માટે હડિયાપટ્ટી કરી રહ્યા છે, અને બળબળતા ઉનાળાની ગરમીમાં પરસેવો વહાવી રહ્યા છે. એટલું જ નહીં, ગરમાગરમ ભાષણબાજી પણ દિવસે દિવસે આક્રમક બની રહી છે, ત્યારે કેટલાક નેતાઓ અમર્યાદ ભાષાશૈલી અપનાવીને તથા ટીકાપાત્ર શબ્દપ્રયોગો કરીને પોતાનો ઉભરો કાઢી રહ્યા છે, તો ઘણાં નેતાઓ શાલિન અને સંયમિત ભાષામાં પોતાની વાત મતદારો સમક્ષ મૂકી રહ્યા છે. કેટલાક સર્વોચ્ચ કક્ષાના નેતાઓ પણ વ્યંગ અને આક્ષેપોની ઝડી વરસાવીને ચૂંટણી પ્રચારને ધગધગતો રાખી રહ્યા છે.

સુરતમાંથી શ્રમજીવીઓના પલાયનના મુદ્દે શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે કરેલા નિવેદને દેશની રાજધાની સુધી પડઘા પડ્યા છે. તેમણે આજે પણ ગુજરાતની સરકાર દિલ્હીની નેતાગીરી જ ચલાવે છે, તેવા મતલબનું નિવેદન કરતા રાજનીતિ ગરમાઈ છે. સુરતની વાત કરતા કરતા રાઉતે મહિલા અનામતના નામે નવા સીમાંકનોનો મુદ્દો પણ ઉછાળ્યો અને પશ્ચિ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા મશીનરીના દુરૂપયોગનો આક્ષેપ પણ લગાવી દીધો, તે ઘણું જ સૂચક છે. સંજય રાઉતના નિવેદનો સ્ફોટક અને વ્યંગાત્મક તો હોય જ છે, સાથે સાથે ઘણાં જ સૂચક પણ હોય છે, તેમાં પણ ચૂંટણી ટાણે ઊઠતા પ્રત્યેક મુદ્દાઓનો મતદારો પર સીધો પ્રભાવ પડતો હોય છે. બીજી તરફ 'આપ'ના નેતાઓને સાંકળતું કહેવાતું સવા કરોડનું સુરતનું હવાલા કૌભાંડ પણ ચર્ચામાં છે.

પશ્ચિ બંગાળમાં તો બહુપાંખિયો જંગ જામ્યો છે. મજબૂત મહિલા મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રસના સર્વેસર્વા મમતા બેનર્જી ભાજપ, કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સામે બાથ ભીડી રહ્યા છે, તો તેને હરાવવા એનડીએની ટોચની નેતાગીરી પણ મેદાને પડી છે, તેમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વયં જે આક્રમક શૈલીથી મમતા દીદીને પડકારી રહ્યા છે, તે જ તૃણમુલ કોંગ્રેસની તાકાત પૂરવાર કરે છે. બીજી તરફ અનેક વિવાદો તથા આક્ષેપોથી ઘેરાયેલા મમતાદીદી માટે પણ પશ્ચિ બંગાળની ચૂંટણી એકતરફી રીતે પ્રચંડ બહુમતીથી જીતવી અઘરી જણાય છે, જો કે મુખ્ય મુકાબલો તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જણાય છે. જોઈએ, શું થાય છે તે. બીજી તરફ તમિલનાડુમાં ફરીથી ભાષાના મુદ્દે રાજનીતિ શરૂ થઈ ગઈ છે. આઝાદી પહેલાના ઘણાં દાયકાઓથી જેની બુનિયાદ રચાઈ ગઈ હતી, તે ભાષા વિવાદ ફરીથી પડઘાયો છે, જે ચૂંટણીઓમાં ત્યાં મતદારો પર અસર કરી શકે છે. ચૂંટણી સમયે આરોપો-પ્રત્યારોપોનો મારો ચાલે અને પ્રતિસ્પધી રાજકીય પક્ષો કે ઉમેદવારોની ખામીઓ વર્ણવાય, તે સ્વાભાવિક છે અને લોકતંત્રમાં અભિવ્યક્તિની આઝાદી હેઠળ નિડરતાથી પોતપોતાના મંતવ્યો રજૂ કરવાની છૂટ હોય છે, પરંતુ જ્યારે પોતા માટે કે પોતાના પક્ષ માટે મતો માંગતા હોઈએ, ત્યારે આપણે લોકો માટે ભવિષ્યમાં શું શું કરવા માંગીએ છીએ તેનો રોડ મેપ પણ રજૂ થવો જોઈએ. રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા આ અંગે પ્રચારપત્રિકાઓ છપાવીને, અખબારોમાં સરળ અને લોકભોગ્ય ભાષામાં જોહરાતો છપાવીને, પ્રેસ કોન્ફરન્સો યોજીને, વિવિધ તમામ મીડિયાનો ઉપયોગ કરીને વ્યાપક પ્રચાર-પ્રસાર થતો હોય છે અને ચૂંટણી ઢંઢેરાઓ પણ પ્રસિદ્ધ કરાતા હોય છે. આ તમામ પ્રચાર પદ્ધતિઓમાં પોતાની કે પક્ષની અથવા સત્તામાં રહ્યા હોય તેની ઉપ્લબ્ધિઓની સાથે સાથે હવે પછી શું કરવાનો પ્લાન છે, જેથી જનતાની સમસ્યાઓ ઘટે અને સુવિધાઓ વધે તેવો અભિગમ જરૂરી છે. માત્ર વિરોધીઓની ટીકા કર્યે રાખ્યાથી, ભૂતકાળની તેઓની ભૂલો ગણાવ્યે રાખવાથી કે પ્રવર્તમાન શાસકોની ખામીઓ જ માત્ર ગણાવ્યે રાખવાથી મતદારોને હવે સરળતાથી રિઝવી શકાતા નથી.

## ૨૨ એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ

# પૃથ્વીની વય વધારવી આપણું કર્તવ્ય



લોકો કુદરતી સ્ત્રોતોના વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,



૧૯૭૦થી પૃથ્વી દિવસ મનાવવાનું શરૂ કરાયું હતું.

તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડ નેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા સ્રોતોની ખેંચ વર્તાઈ રહી છે. પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યું છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અર્થવવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઇ. આ સૂક્તમા ૬૩ મત્રોમા પૃથ્વીના વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનું પણ કર્તવ્ય છે. જ્યારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમાં છૂપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલન પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જ્યારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિપૂંજ બની ગયુ. પછી એ શક્તિપૂંજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.

વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને માનું રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઈએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઈએ જેનાથી ગ્લોબલ વોર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર સતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ. કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવું જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ઈરાન યુદ્ધથી આર્થિક લાભ મેળવવાની પાકિસ્તાનની આશા ઠગારી નિવડી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧**

લાલો લાભ વગર ના લોટે..એ કહેવત પાકિસ્તાનને બરોબર બંધ બેસે છે. આજથી આશરે ચાર દાયકા અગાઉ સોવિયેત સંઘે અફઘાનિસ્તાન પર કરેલાં આક્રમણ દરમિયાન સોવિયેત સેના સામે લડવા અમેરિકાને પોતાના પ્રદેશો આપી પાકિસ્તાને અમેરિકા પાસેથી જંગી આર્થિક સહાય મેળવી હતી. હાલમાં ચાલી રહેલાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં શાંતિદૂતની ભૂમિકા ભજવી રહેલા અને લગભગ નાદારીની અવસ્થામાં પહોંચેલાં પાકિસ્તાનને આ વખતે પણ આવી જ ખેરાતની આશા હતી. જોકે આ વખતે તેને આવો કોઈ લાભ નહીં થતાં પાકિસ્તાની પ્રજામાં શરીફ સરકાર વિરુદ્ધ ભારે આક્રોશ જોવાઈ રહ્યો છે.

૨૪ ડિસેમ્બર, ૧૯૭૯માં શરૂ થયેલાં સોવિયેત-અફઘાન યુદ્ધ વખતે અમેરિકાએ પાકિસ્તાનને પહેલાં ૪૦૦ મિલિયન ડોલરની ઓફર કરી હતી. જોકે તત્કાલિન પાકિસ્તાની રાષ્ટ્રપતિ ઝીયા-ઉલ-હકે તેને અત્યંત નજીવી રકમ ગણાવી તે લેવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ ૧૯૮૧માં બંને દેશો છ વર્ષ માટે ૩.૨ અબજ ડોલરની સૈન્ય અને આર્થિક સહાય માટે સહમત થયાં હતાં. ૧૯૮૮-૯૩ના બીજા તબક્કા દરમિયાન બંને દેશો વચ્ચે ૪.૨ અબજ ડોલરના સહાય પેકેજ અંગે સમજૂતી થઈ હતી. આ દરમિયાન સાઉદી અરેબિયાએ પણ ૬-૮ અબજ ડોલરની તથા સંયુક્ત રાષ્ટ્રે અફઘાન શરણાર્થીઓ માટે ૩-૫ અબજ ડોલરની સહાય પૂરી પાડી હતી. વિશ્વ બેન્કે તથા આઈએમએફે પણ પાકિસ્તાનને નીચા દરે ધિરાણ આપવા ઉપરાંત વિવિધ પ્રોગામમાં સહાય પૂરી પાડી હતી. આમ ૮૦ના દાયકા દરમિયાન પાકિસ્તાનને વિવિધ સ્વરૂપે આશરે ૨૦-૨૭ અબજ ડોલર જેટલી સહાય મળી હતી.

**૨૪ ડિસેમ્બર, ૧૯૭૯માં શરૂ થયેલાં સોવિયેત-અફઘાન યુદ્ધ વખતે અમેરિકાએ પાકિસ્તાનને પહેલાં ૪૦૦ મિલિયન ડોલરની ઓફર કરી હતી**

વર્તમાન સમય મુજબ આ સહાયનું મૂલ્ય આશરે ૬૦-૮૫ અબજ ડોલર જેટલું થાય છે.

કરાચી સ્થિત ડો. ફારૂખ સલીમ નામના નિષ્ણાતના જણાવ્યાં અનુસાર, પાકિસ્તાનને મળેલી આ સહાય કંઈ ખેરાત નહોતી. પાકિસ્તાને તેના પ્રદેશોના ઉપયોગ બદલ મળેલી કિંમત હતી.

અમેરિકામાં થયેલાં ૯/૧૧ના ત્રાસવાદી હુમલાં પછી પણ વોશિંગ્ટને પાકિસ્તાનને ૬૦૦ મિલિયન ડોલરની સહાય કરી હતી. અમેરિકન સંસદે પાકિસ્તાન માટેના ૩ અબજ ડોલરના પાંચ વર્ષ માટેના પેકેજને મંજૂરી આપી હતી. પરવેઝ મુશર્રફના શાસન દરમિયાન અમેરિકાએ પાકિસ્તાનને ૧૩ અબજ ડોલરની સૈન્ય અને આર્થિક સહાય કરી હતી. હવે ૨૦૨૬માં પાકિસ્તાન કેન્દ્ર સ્થાને પાછું ફર્યું છે. વિશ્વભરના નેતાઓ શાંતિ વાર્તા માટે ઈસ્લામાબાદ આવી રહ્યાં છે. જોકે આ વખતે પાકિસ્તાનને તેના પ્રદેશોના ઉપયોગ બદલ કોઈ રોકડ કે સહાય નથી મળી. બલ્કે આ વખતે પાકિસ્તાની સરહદે થયેલાં યુદ્ધથી દેશને ૫.૭ અબજ ડોલરનું નુકસાન થયું છે. ટૂંકમાં પ્રથમ બે યુદ્ધ વખતે પાકિસ્તાનને અબજો ડોલરનો ફાયદો થયો હતો, જ્યારે ત્રીજા યુદ્ધને પગલે, પહેલેથી જ કંગાળ બનેલાં પાકિસ્તાનને આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

## ૮થી વધુ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણનો ચોંકાવનારો ખુલાસો

# ગુજરાતમાંથી બાળ તસ્કરી કરતી આંતરરાજ્ય ટોળકી ઝડપાઈ

**બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઓપરેશનઃ ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર અને તેલંગાણા સુધી ગેન્ગ ફેલાયેલી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પાલનપુર, તા.૨૧**

બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) દ્વારા આંતરરાજ્ય સ્તરે કાર્યરત બાળ તસ્કરીની "મુરગન ગેન્ગ" તરીકે ઓળખાતી ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓને તેલંગાણામાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસની સમગ્ર તપાસ દરમિયાન 8થી વધુ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વડગામ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવતા ધનપુરા-જલોત્રા હાઈવે નજીકથી એક ચાર વર્ષીય બાળકનું અજાણ્યા વ્યકિતઓ દ્વારા કારમાં અપહરણ કરાયું હતું. ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ જિલ્લા પોલીસવડા પ્રશાંત સુંબેની સૂચના અન્વયે પોલીસે ગણતરીના કલાકોમાં શૈલેષ ગમાર અને પાબુ ભગોરા સહિતના આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી અપહરણ થયેલા બાળકને હેમખેમ છોડાવવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આ સમગ્ર નેટવર્ક અનેક રાજ્યોમાં ફેલાયેલ છે. જેથી LCBની ટીમે આ કેસમાં ટેકનોલોજી, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પણ સમાવેશ થાય છે. તેનો ઉપયોગ કરી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી તેમજ પોલીસની વિશેષ ટીમોને તેલંગાણા મોકલી ઓપરેશન હાથ ધરાયું હતું. જ્યાંથી બાળ તસ્કરી ગેન્ગના મુખ્ય સૂત્રધાર સહિત તેના બે સાથીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસમાં વધુ એક ચોંકાવનારી હકિકત સામે આવી હતી કે, મુખ્ય સૂત્રધાર અને તેની પત્ની હૈદરાબાદના વિવિધ IVF સેન્ટરો સાથે સંકળાયેલા હતા. તેઓ ગર્ભધારણમાં અસમર્થ મહિલાઓ માટે અન્ય મહિલાઓની વ્યવસ્થા કરતા અને તેના બદલામાં કમિશન મેળવતા હતા. બાદમાં તેઓ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણના ધંધામાં પ્રવેશ્યા હતા, જ્યાંથી તેમને વધુ નફો મળતો હતો. બાળ તસ્કરી ગેન્ગ દ્વારા આ તમામ વ્યવહારો અલગ-અલગ એજન્ટો મારફતે કરવામાં આવતા હતા. જેમાં હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી અને વિજયવાડાના એજન્ટો સામેલ હતા.બનાસકાંઠા પોલીસે અત્યારે પકડેલા આરોપીઓમાં 1. બોદાશું નાગારાજુ ઉર્ફે મુરુગન બોદાશું વેકંટી (સિરપુર કાગજનગર, તેલંગાણા), કાસરાપુ તિરુપથી કસરાપુ મલ્લાલહ (સિરિકોંડા, તેલંગાણા), કેલેટી ગંગાધર ગંગારાજન (મુદલતા, તેલંગાણા) સમાવેશ થાય છે. અગાઉ શૈલેષભાઈ લાડુભાઇ ગમાર (રહે. વાઘોર તા. દાંતા), પાબુ ઉર્ફે બાબુ મુંગળાભાઈ ભગોરા (રહે. ખાપરા તા. અમીરગઢ) અને કાયદાના સંઘર્ષમાં આવેલો કિશોરને ઝડપી પાડ્યો હતો.

## યુદ્ધની સુરતમાં સીધી અસર

# શ્રમિકોની હિજરતથી સુમુલના પ્લાન્ટ્સને તાળાં

**નવી પારડી અને સુરત પ્લાન્ટના અડધોઅડધ કામદારો પલાયન થઈ જતાં ડેરીની કાર્યક્ષમતા પર માઠી અસર પડી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૨૧

અમેરિકા અને ઈરાન વચ્ચે છેડાયેલા યુદ્ધની સીધી અને આકરી અસર સુરતની સુમુલ ડેરી સુધી પહોંચી છે. રાંધણ ગેસના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે શ્રમિકો માટે બે ટંકનું ભોજન બનાવવું પણ દુષ્કર બનતા ડેરીમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા કામદારોએ વતનની વાટ પકડી છે.આ શ્રમિકોની અછતને પગલે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન સુમુલ ડેરીના નવી પારડી સ્થિત મહત્ત્વના પ્લાન્ટ્સ બંધ કરવાની ફરજ પડી છે.આ પ્લાન્ટ બંધ થતાં હાલ બજારમાં સુમુલ ડેરીનું બફેલો મિલ્કની એક અને છ લીટરની થેલી મળતી નથી. આ સાથે જ ઈલાયટની નાની અને સ્લીમ એન્ડ ટ્રીમ દૂધની નાની થેલી પણ મળતી નથી. જ્યારે વીતેલા ચારેક દિવસથી મસાલા છાસ પણ બજારમાંથી ગાયબ થઈ ગઈ છે.

અમેરિકા-ઈરાન યુદ્ધની સૌથી માઠી અસર ગરીબ અને મધ્યમ વર્ગના શ્રમિકો પર પડી છે. થાકી હારીને સુમુલ ડેરીના અલગ અલગ પ્લાન્ટ્સમાં કામ કરતા અંદાજે ૭૦૦થી વધુ કુશળ અને અકુશળ શ્રમિકોએ વતન તરફ હિજરત કરી છે. કામદારોએ વતનની વાટ પકડતાં સુમુલ ડેરીએ નવી પારડી સ્થિત દહીં, પનીર, મિઠાઈ અને બેકરી આઈટમ બનાવતા પ્લાન્ટને બંધ કરવો પડ્યો છે. હાલ દહીં, મિઠાઈ અને બેકરી આઈટમનો સ્ટોક નથી.નવી પારડીના ૫૦ ટકા કામદારો અને સુરત સ્ટેશન સ્થિત સુમુલ ડેરીના પ્લાન્ટના ૫૦ ટકા કામદારો પલાયન થઈ જતાં દુધની થેલીના ઉત્પાદનને પણ માઠી અસર પહોંચી છે.

હવે દૂધનું વિતરણ નહીં ખોરવાઈ તેથી નવી પારડીના કામદારોને સુરત લાવી અમૂલ ગોલ્ડ સહિતની પ્રોડક્ટનું ઉત્પાદન કાર્યરત રાખવામાં આવ્યું છે. જોકે, અનુભવી કામદારોની અછતને કારણે ઉત્પાદન ઉપર અસર વર્તાઈ રહી છે. સુમુલ ડેરીના પ્લાન્ટની કેપેસિટી ક્ષમતા કરતા ઓછી થઈ ગઈ છે. કેપેસિટી ઘટી જતાં ડેરીના જવાબદારોએ દૂધની કેટલીક આઈટમોનું ઉત્પાદન બંધ કરી




દીધું છે. ખાસ કરીને સુમુલ ડેરીએ બફેલો મિલ્કની એક અને છ લીટરની થેલી બંધ કરી દીધી છે. આ સાથે જ ઈલાયટ અને સ્લીમ એન્ડ ટ્રીમ દૂધની નાની થેલીનું પણ ઉત્પાદન ઘટી જતાં બજારમાં નાની થેલી જોવા મળતી નથી.

નવી પારડી અને સુરત પ્લાન્ટના અડધોઅડધ કામદારો પલાયન થઈ જતાં ડેરીની કાર્યક્ષમતા પર માઠી અસર પડી છે. છેલ્લા ચાર દિવસથી બજારમાંથી મસાલા છાશ ગાયબ છે, જ્યારે હોટલ-રેસ્ટોરન્ટમાં વપરાતી બફેલો મિલ્કની મોટી થેલીઓનું વિતરણ પણ અટકાવી દેવામાં આવ્યું છે. આગામી દિવસોમાં જો સ્થિતિ નહીં સુધરે તો ડેરી ઉદ્યોગ પર મોટું સંકટ આવી શકે છે.

# શિક્ષણ આપવું પવિત્ર મનાતું હવે ગરીબોને ભાગ્યે જ ન્યાય મળે છે, શિક્ષણ માત્ર વેપાર બની ગયું : મદ્રાસ હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ચેન્નાઇ, તા.૨૧**

દેશમાં શિક્ષણના વેપારીકરણ પર તમિલનાડુની મદ્રાસ હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી હતી, હાઈકોર્ટે કહ્યું હતું કે દેવી સરસ્વતી શિક્ષણનુ પ્રતિક માનવામાં આવે છે જોકે આજકાલ શિક્ષણ માત્ર વેપાર બનીને રહી ગયું છે. એક સમયે આપણા દેશમાં શિક્ષણ આપવાનું કામ પવિત્ર માનવામાં આવતું હતું, પરંતુ આજકાલ હવે શિક્ષણ માત્ર લાભદાયક વ્યવસાય બનીને રહી ગયું છે. સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે આજકાલ ગરીબ પીડિતો ભાગ્યે જ ન્યાય મેળવે છે. તેનકાસીની સ્કૂલમાં એક વિદ્યાર્થિનીના મોત મામલે યોગ્ય તપાસ ના થતા પિતા દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી જેની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ બી પુગાલેંધીએ આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે જે સ્કૂલમાં વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું તે જ સ્કૂલ દ્વારા કેમ્પસની સામે જ એક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ ચલાવવામાં આવે છે છતાં વિદ્યાર્થિનીને ત્યાં દાખલ કરવામાં ના આવી અને તેનું કેમ્પસમાં જ મોત નિપજ્યું. વિદ્યાર્થિનીનું શંકાસ્પદ સ્થિતિમાં મોત નિપજ્યું હતું જ્યારે સ્કૂલ પ્રશાસન તેને અકસ્માત ગણાવી રહ્યું છે.

પિતાએ સમગ્ર મામલાની તપાસ ક્રાઈમ બ્રાંચ, સીઆઈડીને સોંપવાની માગ કરતી અરજી કરી હતી. પિતાએ દાવો કર્યો હતો કે ઘટના ત્રણ વાગ્યા આસપાસ બની હતી, સ્કૂલ કેમ્પસમાં ૨૦ પોલીસકર્મીઓ હોવા છતા રાત્રે ૧૦ વાગ્યા સુધી કોઈએ ફરિયાદ દાખલ નહોતી કરી.

સ્કૂલ પ્રશાસને સીસીટીવી ફૂટેજ આપવાની ના પાડી દીધી એટલું જ નહીં મામલાને પતાવવા માટે ૨૦ લાખ રૂપિયાનું વળતર આપવાની પણ તૈયારી દેખાડી હતી. હાઈકોર્ટે દલીલોને યોગ્ય માની હતી અને કહ્યું હતું કે સીસીટીવી કેમેરા હોવા છતા આરોપીઓ સ્કૂલમાંથી બહાર જતા રહ્યા બાદ પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી ના કરવામાં આવી. સામાન્ય રીતે આ વ્યવસ્થામાં ગરીબ પીડિત ભાગ્યે જ ન્યાય મેળવે છે. કેમ્પસ સામે જ સ્કૂલની પોતાની હોસ્પિટલ હોવા છતા ત્યાં પીડિતને દાખલ ના કરવા બદલ સ્કૂલનો ઉધડો લીધો હતો અને કહ્યું હતું કે શિક્ષણ હવે વેપાર બનીને રહી ગયું છે. હાઈકોર્ટે ટોચના અધિકારીને તપાસના આદેશ આપ્યા છે સાથે જ સીસીટીવી ફૂટેજ પણ માગ્યા છે.

## ભારતીય અરજદારો માટે ઝડપી વિઝા

# ભારતીય નાગરિકો માટે ઈમિગ્રેશન વિભાગ તરફથી રાહતના સમાચાર આવ્યા

**છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડાના વિઝા મેળવવાની પ્રક્રિયા વધુને વધુ જટિલ અને સમય માંગી લે તેવી બની ગઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૧**

કેનેડા જવાની ઈચ્છા ધરાવતા ભારતીય નાગરિકો માટે ઈમિગ્રેશન વિભાગ તરફથી રાહતના સમાચાર આવ્યા છે. કેનેડાની સત્તાવાર ઈમિગ્રેશન એજન્સી, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના ડેટા દર્શાવે છે કે વિવિધ વિઝા શ્રેણીઓ માટેના પ્રોસેસિંગ સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ સુધારો ખાસ કરીને ભારતીય પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ માટે વરદાન સમાન સાબિત થશે.

છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડાના વિઝા મેળવવાની પ્રક્રિયા વધુને વધુ જટિલ અને સમય માંગી લે તેવી બની ગઈ હતી. પરંતુ નવા ડેટા મુજબ, ભારતમાંથી વિઝિટર વિઝા માટેનો પ્રોસેસિંગ સમય અગાઉના ૩૭ દિવસથી ઘટીને હવે માત્ર ૨૩ દિવસ થઈ ગયો છે. આનો અર્થ એ છે કે ભારતીય મુલાકાતીઓને હવે પહેલા કરતા લગભગ બે અઠવાડિયા વહેલા વિઝા મળી શકશે. એ જ રીતે, કેનેડામાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતા ભારતીય વિદ્યાર્થીઓ માટે સ્ટડી પરમિટનો સમય પણ ૪ અઠવાડિયાથી ઘટાડીને ૩ અઠવાડિયા કરવામાં આવ્યો છે. આ ઝડપી પ્રક્રિયાને કારણે વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક સત્રો માટે વધુ સારી તૈયારી કરી શકશે અને અંતિમ સમયે થતી દોડધામથી બચી શકશે.

જોકે, વર્ક પરમિટ શ્રેણીમાં ચિત્ર થોડું અલગ છે. ભારત માટે વર્ક પરમિટ પ્રોસેસિંગનો સમય ૭ અઠવાડિયાથી વધીને ૮ અઠવાડિયા થયો છે. બીજી તરફ, સુપર વિઝા (માતા-પિતા અને દાદા-દાદી માટે) ની શ્રેણીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ભારત માટે આ સમય ૨૦૨ દિવસથી ઘટીને ૧૮૨ દિવસ થયો છે.

**વૈશ્વિક પ્રભાવ:** માત્ર ભારત જ નહીં, પરંતુ અન્ય દેશોમાં પણ સકારાત્મક ફેરફારો થયા છે:

પાકિસ્તાન: વર્ક પરમિટના સમયમાં મોટો ઘટાડો (૨૯ અઠવાડિયાથી ૧૬ અઠવાડિયા) થયો છે. અમેરિકા: યુનાઈટેડ સ્ટેટ્સથી વર્ક પરમિટ હવે ૮ ના બદલે ૭ અઠવાડિયામાં મળશે. નાઈજીરીયા અને ફિલિપાઈન્સ: આ દેશો માટે પણ સ્ટડી અને વિઝિટર વિઝા પ્રોસેસિંગ વધુ ઝડપી બની છે.

## ઉત્સવમાં આતશબાજી માટે ફટાકડા લવાયા હતા

# કેરળમાં ઉત્સવની તૈયારી વચ્ચે ત્રિશૂરમાં ફટાકડા યુનિટમાં ભયાનક બ્લાસ્ટ થયો

**ત્રિશૂર પૂરમની ઉજવણી માટે લવાયેલા ફટાકડા રાખવા માટે પાંચ શેડ બનાવાયા હતા, જેમાં તમામ પાંચેય શેડમાં આગ લાગી ગઈ છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કેરળ,તા.૨૧**

કેરળમાં 'ત્રિશૂર પૂરમ' ઉત્સવની તૈયારીઓ વચ્ચે ભયાનક દુર્ઘટના બની છે.

અહીં ત્રિશૂર શહેરમાં મુંડાથિકોડ સ્થિત આજે બપોરે ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ થયો છે. ઘટનામાં છ લોકોના મોત અને ૪૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોમાં ૮ની સ્થિતિ અત્યંત ગંભીર હોવાની પણ માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ અને ફાયર બ્રિગેડના વાહનો તુરંત પહોંચી ગયા છે અને હાલ રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ એટલી ગંભીર છે કે, મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ઈજાગ્રસ્તોમાં ૧૮ને ત્રિશૂર મેડિકલ કૉલેજમાં લઈ જવાયા છે.

મળતી માહિતી મુજબ 'ત્રિશૂર પૂરમ'ની ઉજવણીની તૈયારીઓ વચ્ચે આ દુર્ઘટના બની છે. ત્રિશૂર પુરમ કેરળનો સૌથી ભવ્ય અને પ્રસિદ્ધ વાર્ષિક મંદિર ઉત્સવ છે.

આ ઉત્સવને 'પૂરમોંની જનની' પણ કહેવામાં આવે છે. ત્રિશૂરના વડક્કૂનાથન મંદિરમાં મલયાલમ મહિનામાં (એપ્રિલ-મે)માં આ ઉત્સવ ઉજવવામાં આવે છે. ૧૮મી સદીથી શરૂ કરાયેલા આ ઉજવણીમાં સજાવાયેલા હાથીઓ, પારંપરિક ચેંડા મેલમ સંગીત, રંગબેરંગી છત્રીઓનું પ્રદર્શન અને શાનદાર આતશબાજી મુખ્ય આકર્ષણ જમાવે છે. રિપોર્ટ મુજબ, 'ત્રિશૂર પૂરમ' ઉત્સવમાં આતશબાજી કરવા માટે ફટાકડા લાવવામાં આવ્યા હતા, જેને તિરુવંબડીમાં પાંચ શેડની અંદર રખાયા હતા.

ત્યારે મંગળવારે અચાનક આ ફાટકડાઓમાં આગ લાગ્યા બાદ ભાયનક વિસ્ફોટ થયો હતો. જોતજોતામાં ફટાકડા ફૂટવા લાગ્યા હતા. બીજીતરફ આ ઉત્સવ માટે પણ મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે,

જ્યારે ૪૦ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થયા છે. ૧૮ ઈજાગ્રસ્તોને ત્રિશૂર મેડિકલ કૉલેજમાં દાખલ કરાયા છે, જ્યારે ૨૨ લોકોને અન્ય હોસ્પિટલોમાં ખસેડાયા છે. ત્રિશૂર મેડિકલ કૉલેજમાં દાખલ ૧૮ ઈજાગ્રસ્તોમાંથી ૮ની હાલત ગંભીર હોવાની વિગત સામે આવી છે. ત્રિશૂર પૂરમની ઉજવણી માટે લવાયેલા ફટાકડા રાખવા માટે પાંચ શેડ બનાવાયા હતા, જેમાં તમામ પાંચેય શેડમાં આગ લાગી ગઈ છે. હાલ રાહત અને બચાવની કામગીરી ચાલી રહી છે.

# આલિયા ભટ્ટની AI તસવીરો લગાવી પાકિસ્તાની બ્રાન્ડે કપડાં વેચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

ભારતની ફિલ્મોની સ્ટોરી અને ગીતો તો અત્યાર સુધી પાકિસ્તાન કરતું આવ્યું હતું. જોકે હવે તો પાકિસ્તાને હદ પાર કરી નાખી છે. પાકિસ્તાનની એક કપડાની બ્રાન્ડે બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટની AI તસવીરો બનાવીને તેની બ્રાન્ડનું પ્રમોશન કરી રહી છે. સોશિયલ મીડિયા પર આલિયા ભટ્ટની એઆઈ તસવીરો વાયરલ થતાની સાથે પાકિસ્તાનની કપડાની બ્રાન્ડ પર લોકોનો ગુસ્સો ફૂટ્યો છે જેના કારણે આ મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

Wajayesha Official નામની પાકિસ્તાની બ્રાન્ડે સોશિયલ મીડિયા પર માર્કેટિંગ માટે પોતાની અમુક તસવીરો શેર કરી છે. જોકે પોતાના કપડાં વેચવા માટે આ બ્રાન્ડે કેપ્શનમાં આલિયા ભટ્ટના નામનો ઉપયોગ કર્યો છે. સાથે જ તેણે આલિયા ભટ્ટની એઆઈ તસવીરો પણ વાપરી છે. કેપ્શનમાં એવું લખવામાં આવ્યું છે કે આલિયા ભટ્ટને પણ અમારી પ્યોર શીશા સિલ્ક કલેક્શન ઘણું પસંદ આવ્યું છે. પાકિસ્તાની ક્લોથિંગ બ્રાન્ડે સોશિયલ મીડિયા પર આલિયા ભટ્ટની એઆઈ તસવીરો અપલોડ કરતા ફેન્સનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો છે. ફેન્સ કોમેન્ટમાં ક્લોથિંગ બ્રાન્ડને ખરી ખોટી સંભળાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે માર્કેટિંગ કરવા માટેની આ રીત ઘણી ખોટી છે. ઘણા લોકોનું માનવું છે કે એઆઈ હવે એક મોટો ખતરો બની ગયો છે. મહત્વનું છે કે, આલિયા ભટ્ટની પોપ્યુલારિટી માત્ર ભારત સુધી સીમિત નથી. હવે તે એક ગ્લોબલ સ્ટાર બની ગઈ છે અને વિશ્વના ઘણા દેશોમાં તેની મોટી ફેન ફોલોવિંગ છે. આલિયા ભટ્ટનું નામ અને ફોટો જોડીને આ પાકિસ્તાની બ્રાન્ડને ભલે ફાયદો થયો હોય, પરંતુ એક્ટ્રેસની નકલી તસવીરો બનાવવી એક શર્મશાર હરકત છે. આના પરથી એ વાત સાબિત થાય છે કે પાકિસ્તાનની બ્રાન્ડને પોતાની દેશની પોપ્યુલર હિરોઈનો પર ભરોસો નથી. જેથી તેઓ તેમના દેશની અભિનેત્રીઓને છોડીને આલિયા ભટ્ટનું નામ અને તેના ચહેરાનો ઉપયોગ કરી રહ્યા છે.

# ચૂંટણીમાં વિચિત્ર નિયમ : રાત્રે દ્વિચક્રી વાહન પર પ્રતિબંધ, દિવસે એક જ સવારી ચાલવું ફરજિયાત

**ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા અથવા મતદારોને ડરાવવા-ધમકાવવા માટે બાઈકનો ઉપયોગ ન થાય તે હેતુથી બાઈક રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પશ્ચિમ બંગાળ, તા.૨૧**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીનો જંગ જામ્યો છે. પ્રથમ તબક્કાના મતદાન પહેલા કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચૂંટણી પંચે રાજ્યમાં સુરક્ષાના તમામ ચક્રો ગતિમાન કર્યા છે. શાંતિપૂર્ણ અને પારદર્શક મતદાન સુનિશ્ચિત કરવા માટે સમગ્ર રાજ્યમાં ટુ-વ્હીલર (બાઈક અને સ્કૂટર)ની અવરજવર પર કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

ચૂંટણી પંચના આદેશ અનુસાર, પ્રથમ તબક્કાની તમામ ૧૫૨ વિધાનસભા બેઠકો પર રાત્રે ૬ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી બાઈક કે સ્કૂટર ચલાવવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ નિયમ મંગળવારથી જ અમલી બની ગયો છે અને ૨૩ એપ્રિલ (મતદાનના દિવસ) સુધી ચાલુ રહેશે.

ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા અથવા મતદારોને ડરાવવા-ધમકાવવા માટે બાઈકનો ઉપયોગ ન થાય તે હેતુથી બાઈક રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પંચનું માનવું છે કે, આવી રેલીઓ અવારનવાર હિંસા અને તણાવનું કારણ બને છે.

સવારના ૬ થી સાંજના ૬ વાગ્યા દરમિયાન પણ નિયમો કડક રહેશે. બાઈક પર પાછળની સીટ પર બેસીને સવારી કરવા પર પ્રતિબંધ રહેશે. એટલે કે એક બાઈક એક જ વ્યક્તિ. મેડિકલ ઈમરજન્સી, શાળાએ જતા બાળકો અને અનિવાર્ય કૌટુંબિક કાર્યો માટે જ પાછળ બેસવાની મંજૂરી મળશે. ૨૩ એપ્રિલના રોજ મતદાન કરવા જવા માટે પરિવારના સભ્યોને પાછળ બેસાડવાની છૂટ આપવામાં આવશે. મેડિકલ ઈમરજન્સી કે અન્ય જરૂરી કામ માટે જો છૂટછાટ જોઈતી હોય, તો સ્થાનિક પોલીસ સ્ટેશન પાસેથી લેખિત મંજૂરી લેવી ફરજિયાત છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે સોમવારે જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે પંચ કટિબદ્ધ છે. આ પ્રતિબંધો મતદારો માટે ભયમુક્ત અને શાંત વાતાવરણ પૂરું પાડવા માટે લગાવવામાં આવી છે. નાગરિકોને અપીલ છે કે, ચૂંટણી પંચના નિર્ણયને લાગુ કરવામાં સહયોગ કરે.

## ચારધામ યાત્રાના પ્રથમ દિવસે જ બે શ્રદ્ધાળુઓના કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઉત્તરકાશી, તા.૨૧**

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાના પ્રારંભિક દિવસે જ બે શ્રદ્ધાળુઓના મોતની કરુણ ઘટનાઓ બની છે. આ બંને દુર્ઘટનાઓ ઉત્તરકાશી જિલ્લામાં યમુનોત્રી ધામના માર્ગ પર બની હતી. જેમાં મધ્યપ્રદેશથી પોતાના પતિ સાથે યાત્રા પર આવેલી એક મહિલા શ્રદ્ધાળુનું ઘોડા પરથી પડી જવાને કારણે મોત નીપજ્યું હતું, જ્યારે મહારાષ્ટ્રના એક વૃદ્ધનું ચઢાણ દરમિયાન તબિયત લથડતા નિધન થયું હતું.

યમુનોત્રી પગપાળા માર્ગ પર અકસ્માતનો ભોગ બનેલી મહિલાની ઓળખ ૪૦ વર્ષીય પ્રતિમા મિશ્રા તરીકે થઈ છે, જેઓ મધ્યપ્રદેશના ઈન્દોરના રહેવાસી હતા. મળતી માહિતી મુજબ, યાત્રા દરમિયાન પ્રતિમાબેન ઘોડા પરથી અચાનક નીચે પટકાયા હતા, જેના કારણે તેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને 'મૃત જાહેર' કર્યા હતા.

બીજી ઘટનામાં, મહારાષ્ટ્રના નાસિકથી આવેલા ૬૭ વર્ષીય વૃદ્ધ શ્રદ્ધાળુ ઉદમ તામ્બેની પગપાળા ચઢાણ દરમિયાન અચાનક તબિયત બગડી હતી. ચઢાણ ચઢતી વખતે તેમને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ પડી હતી. તેમને તુરંત જાનકીચટ્ટી સ્થિત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરો તેમને બચાવી શક્યા ન હતા. વહીવટીતંત્ર દ્વારા યાત્રીઓને સાવચેતી રાખવા અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.

# દક્ષિણ લેબેનોનના ૨૧ જેટલા ગામોમાં લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

વેસ્ટ એશિયામાં છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલી સીઝફાયરની સ્થિતિ હાલ અત્યંત નાજુક તબક્કામાં છે. અમેરિકાની મધ્યસ્થતાથી દસ દિવસના યુદ્ધવિરામનો અમલ શરૂ થયો હોવા છતાં, સરહદી વિસ્તારોમાં હજુ પણ તણાવ ચરમસીમાએ છે. ઈઝરાયલની સેનાએ સોમવારે દક્ષિણ લેબેનોનના રહીશોને ચેતવણી આપી છે કે તેઓ સરહદ પાસેના વિસ્તારોમાં ન જાય, તેમજ લિતાની નદીની આસપાસના વિસ્તારોમાં જવાનું ટાળે.

ઈઝરાયલના આ કડક વલણ પરથી સ્પષ્ટ જણાય છે કે, સીઝફાયર હોવા છતાં દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલી સેનાની પકડ હજુ પણ મજબૂત છે અને તેઓ ઉત્તર ઈઝરાયલની સુરક્ષા માટે બફર ઝોન બનાવવાની વ્યૂહનીતિ પર કામ કરી રહ્યા છે.

ઈઝરાયલી સેનાએ સોશિયલ મીડિયા પર નકશો જાહેર કરીને દક્ષિણ લેબેનોનના ૨૧ જેટલા ગામોમાં લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત, ૫૦થી વધુ ગામોમાં લોકોને પરત ફરતા પણ રોકવામાં આવ્યા છે. ઈઝરાયલનું કહેવું છે કે તેઓ નાગરિક માળખામાં છુપાયેલા હિઝબુલ્લાહના નેટવર્કને નષ્ટ કરી રહ્યા છે. બીજી તરફ, લેબેનોનના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે સીઝફાયર પછી પણ ઈઝરાયલે અનેક ગામોમાં મોટા પાયે તબાહી મચાવી છે, જે સ્પષ્ટપણે યુદ્ધ અપરાધ છે. આ ઘટનાક્રમ વચ્ચે અમેરિકા બંને પક્ષો વચ્ચે સીઝફાયર લંબાવવા માટે રાજદૂત સ્તરે બેઠકો યોજી રહ્યું છે, પરંતુ હિઝબુલ્લાહ આ પ્રક્રિયાનો વિરોધ કરી રહ્યું છે. આ સંઘર્ષમાં અત્યાર સુધી લેબેનોનમાં આશરે ૨૩૦૦ લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે હિઝબુલ્લાહના સેંકડો લડાયકો પણ માર્યા ગયા છે. ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ અને લેબેનોન વચ્ચે સીધી વાતચીતની શક્યતાઓ હાલ નહિવત દેખાઈ રહી છે. લેબેનોનની સેના અને સરકાર આ મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂઆત કરી રહી છે, પરંતુ જમીની સ્તરે હજુ પણ સ્થિતિ ગંભીર છે. ઈઝરાયલી સેનાની દક્ષિણ લેબેનોનમાં સતત હાજરી અને સૈન્ય કાર્યવાહીને કારણે આવનારા દિવસોમાં યુદ્ધવિરામ ટકી રહેશે કે કેમ તે અંગે મોટો પ્રશ્ન ઊભો થયો છે.

# મણિપુરમાં ભૂકંપના જોરદાર ઝટકા, રિક્ટર સ્કેલ પર ૫.૨ની તીવ્રતા

**નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૨ નોંધાઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મણિપુર, તા.૨૧**

મણિપુરમાં ફરી એકવાર ભૂકંપના ઝટકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોગ્રાફ અનુસાર, મંગળવાર સવારે મણિપુરના કામજોંગ વિસ્તારમાં રિક્ટર સ્કેલ પર ૫.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ જમીનની સપાટીથી લગભગ ૬૨ કિમી ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે તેને મધ્યમ ઊંડાઈનો ભૂકંપ માનવામાં આવે છે. સમાચાર લખાય ત્યાં સુધી કોઈ મોટા નુકસાન અથવા જાનહાનિની માહિતી મળી નથી.

મણિપુરમાં મંગળવાર સવારે ભૂકંપની જોરદાર આંચકો અનુભવાયા, જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૨ નોંધાઈ હતી. તેનો કેન્દ્ર કામજોંગ વિસ્તારમાં હતું અને તે જમીનથી અંદાજે ૬૨ કિલોમીટર ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે તેને મધ્યમ ઊંડાઈનો ભૂકંપ માનવામાં આવે છે.

ભૂકંપના આંચકા થોડા સેકન્ડ સુધી અનુભવાયા, જેના કારણે લોકો પોતાના ઘર અને ઓફિસમાંથી બહાર નીકળી આવ્યા. જોકે, સમાચાર લખાય ત્યાં સુધી કોઈ મોટા નુકસાન અથવા જાનહાનિની માહિતી મળી નથી. પ્રશાસન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને સ્થાનિક લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે.

મણિપુર પહેલેથી જ તણાવપૂર્ણ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં બંધ, વિરોધ પ્રદર્શન અને હિંસાની ઘટનાઓ સામે આવી છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. આવા સમયમાં ભૂકંપની આંચકાએ લોકોની ચિંતા વધુ વધારી દીધી છે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે, ઉત્તર-પૂર્વ ભારત ભૂકંપીય દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર છે, જ્યાં સમયાંતરે હળવા થી મધ્યમ તીવ્રતાના ભૂકંપ આવતા રહે છે. હાલમાં પ્રશાસન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને કોઈપણ આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

# યુદ્ધ ઈરાનમાં પણ માઠી અસર ચીન-ભારત પર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ માત્ર સરહદો પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ હવે તેની અસર દુનિયાના ખિસ્સા પર પડી રહી છે. ઈસ્લામાબાદમાં થયેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ જતાં અને હોર્મુઝની ખાડીમાં તણાવ વધતા ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થયો છે. આ સ્થિતિ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રે એશિયાના આર્થિક એન્જિન ગણાતા ચીન અને ભારત માટે ચિંતાજનક અનુમાન જાહેર કર્યા છે.

ચીન જે વિશ્વનું સૌથી મોટું તેલ આયાતકાર છે, તેના માટે UNનો રિપોર્ટ ખતરાની ઘંટી સમાન છે. વર્ષ ૨૦૨૫ માં ચીનનો ગ્રોથ રેટ ૫% રહ્યો હતો, જે આ વર્ષે ઘટીને ૪.૩% થી ૪.૬%ની વચ્ચે રહેવાની શક્યતા છે. આ ઉપરાંત સપ્લાય ચેઈન ખોરવાઈ છે. વેનેઝુએલા પર ટ્રમ્પના અંકુશ બાદ હવે ઈરાન યુદ્ધને કારણે તેલ અને ગેસના પુરવઠામાં જે અવરોધ આવ્યો છે, તેની સૌથી સીધી અને નકારાત્મક અસર ચીન પર પડી છે. UN એ માત્ર ચીન જ નહીં, પણ ભારતની વિકાસની રફતાર પર પણ બ્રેક વાગવાની આશંકા વ્યક્ત કરી છે. ગયા વર્ષે ૭% થી વધુની ઝડપે દોડતું ભારતનું અર્થતંત્ર આ વર્ષે ૬% ની આસપાસ સીમિત રહે તેવી શક્યતા છે. મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ, ગેસોલિન અને ફર્ટિલાઈઝરના ભાવમાં થયેલો વધારો ભારત જેવા કૃષિપ્રધાન અને ઉર્જા નિર્ભર દેશ માટે મોટો પડકાર છે.

UN ના અર્થશાસ્ત્રી હમઝા મલિકના જણાવ્યા અનુસાર, એશિયા-પેસિફિક વિસ્તાર વૈશ્વિક વિકાસનું એન્જિન છે. જો આ એન્જિનની ગતિ ધીમી પડશે, તો તેની અસર આખી દુનિયા પર જોવા મળશે. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ પણ અનુમાન લગાવ્યું છે કે ૨૦૨૬ માં આ પ્રદેશનો ગ્રોથ રેટ ૫.૧% રહેશે, જે અગાઉના ૫.૪% કરતા ઓછો છે.

દુનિયાનો ત્રીજા ભાગનો તેલ વેપાર હોર્મુઝની ખાડી મારફતે થાય છે. જો અમેરિકા-ઈરાન જંગને કારણે આ રસ્તો બ્લોક થાય, તો ક્રૂડના ભાવ રોકેટ ગતિએ વધી શકે છે, જે મોંઘવારીમાં મોટો વધારો કરશે.

ચીનના નાણામંત્રી ભલે દાવો કરતા હોય કે તેમની અર્થવ્યવસ્થા લચીલી છે, પરંતુંદ્ન નો આ રિપોર્ટ સ્પષ્ટ કરે છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો એશિયાના મહાસત્તા બનવાના સપના પર આર્થિક ગ્રહણ લાગી શકે છે.

## સંધિ ન થાય તો હોર્મુઝની ખાડીમાંથી નાકાબંધી નહીં હટે: ટ્રમ્પ

# ઈરાન-US વચ્ચે મડાગાંઠ યથાવત, યુદ્ધ વિરામની મંત્રણા અધ્ધરતાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૨૧**

યુએસ-ઈરાન વચ્ચે વાટાઘાટોના બીજા તબક્કા માટે પાકિસ્તાને તમામ તૈયારી કરી લીધી હતી. પરંતુ અમેરિકાએ ઈરાનના કાર્ગો શિપ 'ટોસ્કા' પર હુમલો કરી કબજો જમાવી લેતાં પરિસ્થિતિ વણસી છે. ઈરાને આ પગલાને શસ્ત્ર વિરામનો ભંગ ગણાવી વાટાઘાટોમાં ભાગ લેવા સાફ નનૈયો ભણી દીધો છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે સર્જાયેલી આ મડાગાંઠના પગલે ઈસ્લામાબાદ ખાતે યોજાનારી બીજા તબક્કાની વાટાઘાટો સામે જોખમ ઊભું થયું છે. ઈરાનનું નાક દબાવવા હોર્મુઝની ખાડી ઉપરાંત ઈરાનના બંદરોની પણ નાકાબંધી કરેલી છે. રવિવારે યુએસ સૈન્ય દ્વારા ઈરાનના જહાજ 'ટોસ્કા' પર હુમલો કરવામાં આવ્યો હતો. જહાજને ક્ષતિગ્રસ્ત કરી અમેરિકી સેનાએ પોતાના કબજામાં લઈ લીધું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ, અમેરિકાના સૈન્ય દ્વારા જહાજને આગળ નહીં વધવા ચેતવણી અપાઈ હતી, પરંતુ તેની અવગણના કરી જહાજ આગળ વધ્યું હતું. અમેરિકાએ જહાજના સ્ટિયરિંગ ગીયર અને રડાર પર હુમલા કર્યા હતા. જહાજ મધદરિયે ઠપ થઈ ગયા બાદ તેને જપ્ત કરી લેવાયુ હતું. આ ઘટના બાદ ઈરાને વાટાઘાટોમાં ભાગ લેવા બાબતે અસંમતિ જાહેર કરી છે.

યુએસ-ઈરાન વચ્ચે ૭ એપ્રિલે લાગુ થયેલો યુદ્ધ વિરામ બુધવારે પૂરો થઈ રહ્યો છે. આ પૂર્વે વાટાઘાટો માટે યુએસ ઉપપ્રમુખ જે ડી વેન્સ સહિતનું પ્રતિનિધિ મંડળ સોમવારે ઈસ્લામાબાદ પહોંચવાનું હતું. જો કે વેન્સ પાકિસ્તાન જવાના બદલે વ્હાઈટ હાઉસમાં આગામી આયોજનો કરી રહ્યા હોવાના અહેવાલ છે. ઈરાન તરફથી પણ પાકિસ્તાનમાં વાટાઘાટો માટે જવા બાબતે કોઈ ખુલાસો થયો નથી.

બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ, ટ્રમ્પ હવે યુદ્ધ વિરામને લંબાવવાના મૂડમાં સહેજ પણ નથી. યુએસ-ઈરાન વચ્ચે યુદ્ધ વિરામની આશા પર ઠંડુ પાણી ફરી વળતા ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થવાની આશંકા છે.

ટ્રમ્પે જણાવ્યુ હતું કે, યુએસ-ઈરાન વચ્ચે કરાર ન થાય ત્યાં સુધી અમેરિકાએ હોર્મુઝની ખાડીમાં કરેલી નાકાબંધી હટશે નહીં. હોર્મુઝની ખાડી ખોલવા માટે ઈરાન પર દબાણ વધારવા અમેરિકાએ ઈરાનના બંદરોની નાકાબંધી કરેલી છે. જેના કારણે ઈરાન સાથે સંકળાયેલા ૨૭ જહાજોને પરત ફરવાની ફરજ પડી હતી. રવિવારે તો અમેરિકાએ ઈરાનનું એક જહાજ જપ્ત પણ કરી લીધું હતું. આ ઘટના બાદ અકળાયેલા ઈરાને યુદ્ધ વિરામને અર્થહિન ગણાવી અમેરિકાને વળતા જવાબની ચીમકી આપી છે.

ઈરાન-યુએસ યુદ્ધ બાબતે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પ્રથમ વખત જાહેર નિવેદન આપ્યું છે. ઈરાન અને યુએસ દ્વારા હોર્મુઝની ખાડીમાં થયેલી ઘેરાબંધીનો વિરોધ કરતાં તેમણે કહ્યું હતું કે, હોર્મુઝની ખાડી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને સામાન્ય જહાજોની અવર-જવર માટે તે મુક્ત રહેવી જોઈએ. આંતરરાષ્ટ્રીય સમુદાય માટે હોર્મુઝની ખાડી અંકુશ રહિત રહે તે જરૂરી છે.

જિનપિંગે સાઉદી પ્રિન્સ સાથે પણ આ બાબતે ફોન પર ચર્ચા કરી હતી. જિનપિંગે તમામ વિવાદને વાટાઘાટો મારફતે ઉકેલવા સલાહ આપી હતી. ચીનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં અમેરિકા સામે નારાજગી વ્યક્ત કરી હતી. ઈરાનના બંદરથી ચીન તરફ આવી રહેલા જહાજની નાકાબંધી કરી જપ્ત કરી લેવાની અમેરિકાની હરકતને તેમણે ચિંતાજનક જણાવી હતી.

## વેપારીઓ અને સામાન્ય જનતામાં ભારે રોષ

# બાલેન શાહના આદેશના કારણે ભારત-નેપાળ બોર્ડર પર વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૧**

ભારત અને નેપાળ વચ્ચેના વર્ષો જૂના રોટી-બેટીના સંબંધોમાં અત્યારે કડવાશ જોવા મળી રહી છે. નેપાળની નવયુવાન સરકાર અને બાલેન શાહના નેતૃત્વવાળી ટીમે સરહદ પર કસ્ટમ નિયમો અત્યંત કડક બનાવતા રક્સૌલ-બીરગંજ બોર્ડર પર ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે.

નેપાળ સરકારે ભન્સાર મહેસૂલ અધિનિયમ ૨૦૮૧ હેઠળ જાહેરાત કરી છે કે, હવે ભારતથી નેપાળમાં પ્રવેશતી વખતે રૂ.૧૦૦ થી વધુની કિંમતનો સામાન લાવનાર વ્યક્તિએ કસ્ટમ ડ્યુટી (ભન્સાર શુલ્ક) ચૂકવવો પડશે. બીરગંજ સરહદ પર આર્મ્ડ પોલીસ ફોર્સ (APF) દ્વારા માઈકિંગ કરીને આ અંગે સતત ચેતવણી આપવામાં આવી રહી છે. સામાન્ય જનતા અને મહિલાઓના બજેટ પર ફટકો પડી રહ્યો છે. નેપાળના સરહદી વિસ્તારોમાં રહેતા લોકો, ખાસ કરીને મહિલાઓ, ઘરવખરીનો સામાન ખરીદવા માટે બિહારના સરહદી શહેરોમાં આવતા હતા. નેપાળમાં મોંઘવારી વધારે હોવાથી લોકો બિહારથી સસ્તો સામાન ખરીદતા હતા. હવે APF ના જવાનો દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે, જેના કારણે સામાન્ય નાગરિકો અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ઘર્ષણની ઘટનાઓ વધી છે.

આ કડક નિયમ સામે જન અધિકાર પાર્ટી અને અન્ય સંગઠનોએ વિરોધ શરૂ કર્યો છે. પાર્ટી અધ્યક્ષ ડો.શરદ સિંહ યાદવના નેતૃત્વમાં શંકરાચાર્ય ગેટ અને વીરગંજ બોર્ડર પર જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષોનું કહેવું છે કે, મહેસૂલના નામે સાંસ્કૃતિક સંબંધોને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. આને મધેશ ક્ષેત્ર માટે અઘોષિત નાકાબંધી ગણાવાઈ રહી છે.

માત્ર જનતા જ નહીં, પરંતુ નેપાળના સત્તા પક્ષમાં પણ આ નીતિનો વિરોધ શરૂ થયો છે. રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના સાંસદોએ વડાપ્રધાન બાલેન શાહ અને ગૃહમંત્રી પાસે આ નીતિ પર પુનર્વિચાર કરવાની માંગ કરી છે. કાઠમાંડુમાં પણ આ ટેક્સ નીતિ સામે દેખાવો થઈ રહ્યા છે.

વધતા તણાવને જોઈને મધેશ પ્રદેશના પોલીસ પ્રમુખ DIG ગોવિંદ થપલિયાએ પોલીસને સૂચના આપી છે કે ઘરેલું સામાન લાવતા નાગરિકોને બિનજરૂરી પરેશાન ન કરવા અને સંવેદનશીલતા રાખવી.

બીરગંજ ઉદ્યોગ વાણિજ્ય સંઘના ઉપાધ્યક્ષ માધવ રાજપાલનું માનવું છે કે શરૂઆતમાં તકલીફ પડશે, પરંતુ લાંબા ગાળે આનાથી નેપાળના સ્થાનિક વેપારને ફાયદો થશે. સરકાર આ પગલાને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેનું પગલું ગણાવી રહી છે, પરંતુ સરહદી વિસ્તારોમાં આ આર્થિક અને માનસિક તણાવનું કારણ બની રહ્યું છે.

# મંત્રણા પહેલા જ ઈરાનની ધમકી : સીઝફાયર તોડ્યો તો પરિણામ ભોગવવા તૈયાર રહેજો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૧**

ઈરાન-અમેરિકાના યુદ્ધવિરામનો આવતીકાલે (૨૨ એપ્રિલ) છેલ્લો દિવસ છે. બંને દેશોના વિવાદનો ઉકેલ લાવવા માટે પાકિસ્તાની રાજધાની ઈસ્લામાબાદમાં બંને વચ્ચે બીજા તબક્કાની શાંતિ વાર્તા યોજાવાની છે. જોકે તે પહેલા બંને દેશોના આક્રમક વલણે ફરી ચિંતા વધારી દીધી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સીધી જ વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ ઈરાની સેનાએ સ્પષ્ટ કહ્યું છે કે, અમે કોઈપણ હુમલાનો જવાબ આપવા માટે સંપૂર્ણ તૈયાર છીએ. દુશ્મનની કોઈપણ ધમકીનો અમારા પર કોઈ પ્રભાવ પડવાનો નથી અને અમે મજબૂતી સાતે જવાબ આપીશું.

ઈરાની સૈન્યના મેજર જનરલ અલી અબ્દોલ્લાહીએ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના સ્થાપના દિવસ નિમિત્તે સત્તાવાર નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું છે કે, 'ઈરાનની બહાદુર પ્રજાને IRGC અને દેશની રક્ષા કરનારા સૈનિકોની શક્તિઓ, તૈયારીઓ અને વ્યાપક વ્યૂહાત્મક ક્ષમતાઓ પર ગર્વ છે. આ દળોએ મિસાઈલ-ડ્રોન હુમલા કરીને અમેરિકાને દબાણમાં લાવી દીધું છે, જેના કારણે તેઓ થાકી ગયા છે અને યુદ્ધવિરામ કરવા મજબૂર થયા છે.'

તેમણે કહ્યું કે, 'ઈરાનની પ્રજા જોશ સાથે રસ્તાઓ પર ઉતરી આવીને દેખાડી દીધું કે તેઓ સશસ્ત્ર દળોનું ભરપૂર સમર્થન કરી રહ્યા છે. ઈરાનના બહાદુર સશસ્ત્ર સૈનિકો, સરકાર અને દેશ માટે સાહસ દેખાડનારી જનતાએ સાથે મળીને, સર્વોચ્ચ કમાન્ડરના નિર્દેશોનું સંપૂર્ણ પાલન કરીને તેઓ એક હોવાનું દેખાડી દીધું છે. તેઓ દુશ્મનની કોઈપણ ધમકી અથવા કાર્યવાહી સામે નિર્ણાયક જવાબ આપવા માટે તૈયાર છે.'

અબ્દોલ્લાહીએ વધુમાં કહ્યું કે, 'સશસ્ત્ર દળો મજબૂત સ્થિતિમાં છે અને અમેરિકાના રાષ્ટ્રપતિ ખોટા તેમજ ભ્રામક દાવાઓ કરી રહ્યા છે. અમે તેમને સૈન્ય સંઘર્ષ દરમિયાન શાંતિના સમયનો દુરુપયોગ કરીને જમીની સ્થિતિનું ખોટું ચિત્ર રજૂ કરવાની મંજૂરી આપીશું નહીં, ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુનીના સંચાલન અને નિયંત્રણને લઈને. કોઈપણ સમજૂતીના ઉલ્લંઘન પર સક્ષમ અને અસરકારક રીતે જવાબ આપવામાં આવશે.'

## યુએન ચાર્ટર અનુસાર વેચાણ કરાશે

# જાપાને ફાઈટર જેટ સહિત ઘાતક શસ્ત્રોના નિકાસ પરનો હટાવ્યો પ્રતિબંધ

**જાપાનના વડા પ્રધાને બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનના બંધારણમાં મોટો ફેરફાર કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા. ૨૧**

યુદ્ધોએ વિશ્વભરના ઘણા દેશોને તબાહ કર્યા છે. જ્યારે આ યુદ્ધો ઘણા લોકો માટે વિનાશ લાવે છે. ત્યારે તે અન્ય લોકો માટે પણ નફાકારક સાબિત થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા અને ચીન જેવી મુખ્ય વિશ્વ શક્તિઓ વિશ્વભરમાં ચાલી રહેલા સંઘર્ષોમાં તેમના શસ્ત્રો વેચીને મોટો નફો મેળવે છે. હવે, બીજો ખેલાડી આ શસ્ત્ર બજારમાં પ્રવેશવાનો છે. જાપાનના વડા પ્રધાન સના તાકાચીના મંત્રીમંડળે બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનના બંધારણમાં મોટો ફેરફાર કર્યો છે, જેમાં ફાઈટર જેટ સહિત ઘાતક શસ્ત્રોના નિકાસ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે.

તાકાઈચીએ જણાવ્યું હતું કે, આ ફેરફાર સાથે, તમામ સંરક્ષણ સાધનોનું ટ્રાન્સફર વર્ચ્યુઅલ રીતે શક્ય બનશે, અને ઉમેર્યું હતું કે ફક્ત તે દેશો જ તે પ્રાપ્ત કરશે જે યુએન ચાર્ટર અનુસાર સાધનોનો ઉપયોગ કરવાનું વચન આપે છે. તાકાઈચીએ કહ્યું કે, વધુને વધુ ગંભીર સુરક્ષા વાતાવરણમાં, કોઈ એક દેશ એકલા તેની શાંતિ અને સુરક્ષાનું રક્ષણ કરી શકશે નહીં.

જાપાનના ચુનીચી અખબારે અહેવાલ આપ્યો છે કે, આ ફેરફારો હેઠળ, ઓછામાં ઓછા ૧૭ દેશો જાપાની બનાવટના શસ્ત્રો ખરીદવા માટે પાત્ર બનશે, ઉમેર્યું હતું કે જો વધુ દેશો જાપાન સાથે દ્વિપક્ષીય કરાર કરે તો આ સૂચિનો વિસ્તાર કરી શકાય છે. ૧૯૬૭ માં રજૂ કરાયેલા અને ૧૯૭૬ માં લાગુ કરાયેલા અગાઉના નિયમો હેઠળ, જાપાની લશ્કરી નિકાસ બિન-ઘાતક શસ્ત્રો સુધી મર્યાદિત હતી, જેમ કે દેખરેખ અને ખાણ સાફ કરવા માટે ઉપયોગમાં લેવાતા શસ્ત્રો, જાપાનના અસાહી અખબારે અહેવાલ આપ્યો છે.

# ભુતાનના રસ્તેથી ૧૫,૦૦૦ ગાડીઓની દાણચોરીનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૧**

કસ્ટમ વિભાગે 'ઓપરેશન નુમખોર' હેઠળ દેશમાં ચાલી રહેલા એક મોટા લક્ઝરી કાર સ્કેમનો પર્દાફાશ કર્યો છે. ભુતાન સરહદ દ્વારા ભારતમાં ગેરકાયદેસર રીતે ૧૫,૦૦૦થી વધુ મોંઘી ગાડીઓ લાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડ દ્વારા સરકારને સેંકડો કરોડ રૂપિયાની કસ્ટમ ડ્યુટીનું નુકસાન થયું છે.

નેશનલ વ્હીકલ રજિસ્ટ્રીના ડિજિટલ ઓડિટ દરમિયાન આ ગરબડ પકડાઈ હતી. અનેક લક્ઝરી કારોને સેનાની જૂની ગાડીઓ ગણાવીને બનાવટી 'ડિસ્પોઝલ સર્ટિફિકેટ' પર રજિસ્ટર કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે, આ માટે વિદેશ મંત્રાલય અને વિદેશી દૂતાવાસના નકલી દસ્તાવેજોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેથી ટેક્સ બચાવી શકાય.

આ કેસમાં તપાસ આગળ વધતા જાણવા મળ્યું છે કે અનેક જાણીતી હસ્તીઓ અને ફિલ્મી કલાકારોએ પણ નિયમોનો ભંગ કરીને આવી ગાડીઓ ખરીદી છે. હાલમાં કેરળમાંથી ૫૦ થી વધુ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે, જ્યારે આસામમાં ૪૬૪ વાહનો શંકાના દાયરામાં છે. કસ્ટમ વિભાગ હવે એ સિતારાઓની યાદી તૈયાર કરી રહ્યું છે જેમના દ્વારા આ ટેક્સ ચોરી કરવામાં આવી છે.

તસ્કરી રોકવા માટે કેરળના મુન્નારમાં ભારત અને ભુતાન કસ્ટમ અધિકારીઓની ૭મી મહત્વની બેઠક શરૂ થઈ છે. જેમાં SUV અને પ્રીમિયમ કારોની ગેરકાયદેસર હેરફેર રોકવા માટે કડક પગલાં ભરવા પર ચર્ચા કરવામાં આવશે.

## માર્વેલ ટેકનોલોજી સાથે ભાગીદારીની ચર્ચા

# ગૂગલનું નવું સાહસ : એઆઈ ચિપ માર્કેટમાં એનવીડિયાને પડકારશે

**માર્વેલ અમેરિકાની જાણીતી સેમિકન્ડક્ટર કંપની : ગૂગલ સાથે AI સિસ્ટમને ઝડપી બનાવતી ઈન્ફરન્સ ચિપ્સ બનાવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કેલિફોર્નિયા, તા. ૨૧**

ગૂગલ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેક્ટરમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે નવી ચિપ્સ પર કામ કરી રહ્યું છે. આ માટે કંપનીએ માર્વેલ ટેકનોલોજી સાથે ભાગીદારી અંગે ચર્ચા કરી રહી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. બંને કંપનીઓ સાથે મળીને એઆઈ ઈન્ફરન્સ ચિપ્સ બનાવશે. જે એઆઈ સિસ્ટમને ઝડપી અને વધુ અસરકારક રીતે જવાબ આપવા મદદ કરે છે. ગૂગલ પહેલાથી જ પોતાના ટેન્સર પ્રોસેસિંગ યુનિટ્સ દ્વારા એઆઈ ચિપ્સ બનાવે છે અને હવે તે આ ક્ષેત્રમાં વધુ વિસ્તરણ કરવા માંગે છે. ગૂગલ અત્યાર સુધી બ્રોડકોમ સાથે કામ કરતું આવ્યું છે. તેની માર્વેલ સાથેની ભાગીદારી કંપનીની ચિપ સ્ટ્રેટેજીમાં ફેરફાર સૂચવે છે.

હાલમાં એનવીડિયા એઆઈ ચિપ માર્કેટમાં નંબર-૧ કંપની છે. તેની ચિપ મોટા એઆઈ મોડેલ્સ માટે ઉપયોગમાં લેવાતા પ્રોસેસર્સમાં વાપરવામાં આવે છે. પરંતુ હવે ગૂગલ જેવી મોટી કંપનીઓ પોતાની જ ચિપ્સ બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. જેથી ખર્ચ ઘટે અને વધુ સારું પરફોર્મન્સ મેળવી શકાય. માર્વલ ટેકનોલોજી અમેરિકાની સેમિકન્ડક્ટર ચિપ્સ બનાવતી કંપની છે. જેની સ્થાપના ૧૯૯૫માં થઈ હતી. આ કંપની ડેટા સેન્ટર, ક્લાઉડ અને એઆઈ માટે ચિપ્સ ડિઝાઈન કરે છે. જેનો ઉપયોગ ગૂગલ, એમેઝોન, માઈક્રોસોફ્ટ જેવી મોટી ટેક કંપનીઓ કરે છે.




## ૭ મેના રોજ સિનેમાઘરોમાં ફિલ્મ રિલીઝ થશે

# કૃષ્ણ જન્મભૂમિમાં ભક્તિના માહોલ વચ્ચે લોન્ચ થયું 'કૃષ્ણાવતારમ'નું ટ્રેલર







(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ભગવાન કૃષ્ણની દૈવી ગાથાને મોટા પડદા પર જીવંત બનાવતી ફિલ્મ 'કૃષ્ણાવતારમ'નું ટ્રેલર આધ્યાત્મિક વાતાવરણમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. કૃષ્ણનાં જન્મસ્થળ મથુરાની ભૂમિમાં હજારો ભક્તોની હાજરીમાં આ ઈવેન્ટ યોજવામાં આવી હતી. આ ફિલ્મમાં સત્યભામાનું પાત્ર ભજવી રહેલા સંસ્કૃતિ જયના અને કૃષ્ણનું પાત્ર ભજવી રહેલા સિદ્ધાર્થ ગુપ્તા પણ મથુરાના કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. જેમાં ભક્તિ અને શ્રદ્ધાનો અદભુત સંગમ જોવા મળ્યો હતો.

ફિલ્મ માત્ર એક સિનેમેટિક પ્રસ્તુતિ નહીં, પરંતુ ભક્તિ અને દૈવી પ્રેમની એક શક્તિશાળી અભિવ્યક્તિ તરીકે રજૂ કરવામાં આવી રહી છે. ટ્રેલરમાં ભગવાન કૃષ્ણના જીવનની ઝલકને ભવ્યતા અને સૌંદર્ય સાથે દર્શાવવામાં આવી છે, જે દર્શકોને એક આધ્યાત્મિક યાત્રા પર લઈ જવાનું વચન આપે છે.

ફિલ્મની વાર્તા જાણીતા લેખકો પ્રકાશ કાપડિયા અને રામ મોરીએ લખી છે, જ્યારે સિનેમેટોગ્રાફીની જવાબદારી અયાનંકા બોઝે કરી છે. સંગીત પ્રસાદ એસ દ્વારા આપવામાં આવ્યું છે. કોસ્ટ્યુમ ડિઝાઈન નિધી યશાએ તૈયાર કરી છે અને ગીતોના શબ્દો ઈર્શાદ કામિલે લખ્યા છે, જે ફિલ્મનાં ભાવનાત્મક ઊંડાણને વધુ મજબૂત બનાવે છે.

દિગ્દર્શક હાર્દિક ગજ્જરના નિર્દેશનમાં બનેલી 'કૃષ્ણાવતારમ'ને ક્રિએટિવલેન્ડ સ્ટુડિયોઝ એન્ટરટેઈનમેન્ટના સાજન રાજ કુરુપ અને શોભા સંત દ્વારા પ્રસ્તુત અને પ્રોડ્યુસ કરવામાં આવી છે. સાથે જ અથશ્રીકથા મોશન પિક્ચર્સના પૂનમ શ્રોફ અને પર્થ ગજ્જર પણ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. ફિલ્મનું વૈશ્વિક વિતરણ એએ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવશે, જ્યારે તેનું સંગીત સારેગામા દ્વારા રિલીઝ કરવામાં આવશે.

## 'ધ કપિલ શર્મા શો'ને કારણે ફિલ્મો હાથમાંથી નીકળી ગઈ

# "મને કોઈ રોલ ઓફર કરતું નથી" : અર્ચના પુરણસિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ચાર દાયકાથી વધુ સમયથી ઈન્ડિયન સિનેમામાં કાર્યરત અર્ચના પુરણસિંહે તાજેતરમાં ખુલાસો કર્યો છે કે ટેલિવિઝન પર તેની લોકપ્રિયતા જ તેની ફિલ્મ કારકિર્દી માટે અડચણ બની ગઈ છે. પહેલાં વિવિધ કોમેડી શોમાં જજ તરીકે અને પછી ૨૦૧૯માં તેણે 'ધ કપિલ શર્મા શો'માં નવજોત સિંહ સિદ્ધુને બદલે એન્ટ્રી લીધી અને થોડા સમયમાં જ દર્શકોમાં લોકપ્રિય બની ગઈ. પરંતુ શોના વ્યસ્ત શીડ્યુલને કારણે તે ફિલ્મો માટે સમય આપી શકી નહીં.

તેણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, વર્ષો દરમિયાન તેને ઘણી ફિલ્મની ઓફર્સ મળી, જેમાં એક ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ પણ હતો, જેમાં લગભગ એક મહિના માટે બહાર રહેવું પડે એમ હતું. પરંતુ ટીવી કમિટમેન્ટ્સને કારણે તેણે આ ઓફર્સ ઠુકરાવવી પડી હતી. આ રીતે સતત ના પાડવાના કારણે ધીમે ધીમે ફિલ્મ ઓફર્સ આવવી પણ ઘટી ગઈ.

અર્ચનાએ જણાવ્યું કે, ઈન્ડસ્ટ્રીમાં તેની ઈમેજને કારણે પણ મુશ્કેલી પડી રહી છે. "હું ગમે તેટલા પણ પ્રયત્ન કરું, ફિલ્મ મેકર્સને સમજાવી શકતી નથી. હવે તો મને કોઈ રોલ ઓફર કરતું નથી. તેમને લાગે છે કે હું ફક્ત ખુરશી પર બેસીને હસતી વ્યક્તિ છું." હાલમાં અર્ચના પુરણસિંહ ઓટીટી ફિલ્મ 'ટોસ્ટર'માં મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. આ પ્રોજેક્ટમાં તે ફરી એકવાર રાજકુમાર રાવ સાથે કામ કરે છે, જે હવે આ ફિલ્મમાં પ્રોડ્યુસર તરીકે પણ જોડાયો છે.

અર્ચનાએ જણાવ્યું કે, 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'માં તેની સાથેના કામ પછી રાજકુમારે મને 'ટોસ્ટર' માટે પસંદ કરી. મને આશા છે કે આ ફિલ્મ મને વધુ ફિલ્મોમાં કામ કરવાની તક આપશે.

## રિતેશ દેશમુખની રાજા શિવાજીનું ટ્રેલર લોંચ

# રિતેશે છત્રપતિ શિવાજી મહારાજને જીવંત બનાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રિતેશ દેશમુખની રાજા શિવાજીનું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. રિતેશ દેશમુખે આ ઐતિહાસિક ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન પણ કર્યું છે. આ ફિલ્મ છત્રપતિ શિવાજી મહારાજના વૈભવી જીવન પર આધારિત છે અને મરાઠા રાજાના શૌર્યને દર્શાવવા માટે ભવ્ય સ્તરે બનાવવામાં આવી છે, જ્યાં તેમણે મુગલો સામે લડત આપી હતી.

રાજા શિવાજીનું ટ્રેલર છત્રપતિ શિવાજી મહારાજના ઉદયની ભવ્ય અને સિનેમેટિક ઝલક આપે છે, જેમાં એક દૃઢ નિશ્ચય ધરાવતા યુવા યોદ્ધાથી લઈને દંતકથા સમાન રાજા બનવા સુધીની તેમની સફર દર્શાવવામાં આવી છે. તેમાં હાઈ-ઓક્ટેન યુદ્ધ દૃશ્યો, ધારદાર રાજકીય ષડયંત્રો અને અસરકારક સંવાદો દર્શાવવામાં આવ્યા છે, જે તેમના શોષણ સામેના પ્રતિકાર અને સ્વરાજ સ્થાપવાના દ્રષ્ટિકોણને ઉજાગર કરે છે.

ટ્રેલરમાં વિવિધ મહત્વપૂર્ણ પાત્રોની પણ ઝલક જોવા મળે છે—વિશ્વાસુ સાથીઓથી લઈને શક્તિશાળી વિરોધીઓ સુધી—જે આંતરિક સંઘર્ષ અને બહારથી આવતા જોખમો અને ચેતાવણીઓની ઝલક આપે છે. રિતેશ દેશમુખ એક દૃઢ અને નિર્ભય નેતા તરીકે જોવા મળે છે.

રાજા શિવાજીમાં રિતેશ દેશમુખ સાથે સંજય દત્ત, અભિષેક બચ્ચન, વિદ્યા બાલન, મહેશ માંજરેકર, સચિન ખેડેકર, બોમન ઈરાની, ભાગ્યશ્રી, ફરદીન ખાન, જિતેન્દ્ર જોશી, અમોલ ગુપ્તે અને જેનેલિયા દેશમુખ જેવા શક્તિશાળી કલાકારો છે.

વધુમાં, સલમાન ખાન ખાસ કેમિયો રોલમાં દેખાશે. સલમાન ખાને આ ફિલ્મમાં પોતાના કેમિયો માટે ૨ દિવસ ફાળવ્યા હતા. હવે ફિલ્મના રિતેશ દેશમુખે બિગ બોસ મરાઠી સીઝન ૬ દરમિયાન આ વાત જાહેર કરી દીધી છે. શોના ફાઈનલ એપિસોડમાં તેણે જેનેલિયા દેશમુખ અને અભિષેક બચ્ચનનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન રિતેશે ખુલાસો કર્યો હતો કે સલમાન ખાન ખરેખર ફિલ્મમાં દેખાશે. તે ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજના વિશ્વાસુ યોદ્ધા જીવ મહાલાનું પાત્ર ભજવશે. આ જાહેરાત બાદ પ્રેક્ષકોમાં જોરદાર ઉત્સાહ જોવા મળ્યો અને વિડિયો ઝડપથી વાયરલ થયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે રિતેશે સલમાન ખાનને આ ખાસ ભૂમિકાની ઓફર કરી, ત્યારે તે તરત જ રાજી થઈ ગયો હતો. મરાઠી અને હિન્દીમાં બનેલી રાજા શિવાજી ૧ મે, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

## પ્રેમ લગ્ન વિવાદમાં સિંગર કાજલ મહેરિયાની પ્રથમ પ્રતિક્રિયા

# પરિવાર રાજી ન હોવાથી મેં મારી મરજીથી લગ્ન કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમદાવાદ**

ગુજરાતની જાણીતી લોકગાયિકા કાજલ મહેરિયા હાલ તેના ગીતોના કારણે નહીં, પરંતુ તેના અંગત જીવનમાં સર્જાયેલા હાઈવોલ્ટેજ ડ્રામાને કારણે ચર્ચાનું કેન્દ્ર બની છે. પરિવારની મરજી વિરુદ્ધ અલ્પેશ ઠાકોર નામના યુવક સાથે પ્રેમલગ્ન કરી લેતા આ વિવાદ હવે પોલીસ સ્ટેશન અને સોશિયલ મીડિયા સુધી પહોંચી ગયો છે.

કાજલ મહેરિયાએ ગત ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ અલ્પેશ ઠાકોર સાથે લગ્ન કર્યા હોવાનું મેરેજ સર્ટિફિકેટ સામે આવ્યું છે. આ લગ્નની જાણ થતાં જ મહેરિયા પરિવારમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મહેરિયા પરિવાર અને સમાજના અંદાજે ૭૦ જેટલા લોકો કાજલને પરત લેવા માટે તેની સાસરી શેરથા પહોંચ્યા હતા. પરિસ્થિતિ તંગ બનતા પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કાજલની માતાનો આક્ષેપ છે કે સામે પક્ષે તેમને ઉશ્કેરીને ત્યાંથી કાઢી મૂક્યા હતા.

સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને કાજલની માતા શારદાબેન મહેરિયાએ ગંભીર આક્ષેપો કર્યા છે કે, છોકરાનો પરિવાર પૈસા માટે આખી ગેમ



રમી રહ્યો છે. અમે દીકરીને લેવા ગયા તો અમને અપમાનિત કરીને કાઢી મૂક્યા. સમાજ અને અઢારે આલમને વિનંતી છે કે અમને આ મામલે રસ્તો કાઢી આપે.

કાજલ મહેરિયાનો વળતો જવાબ આપતા કહ્યું કે, મેં મારી મરજીથી લગ્ન કર્યા છે. લગ્નના વધતા વિવાદ વચ્ચે આજે ૨૧ એપ્રિલના રોજ કાજલ મહેરિયાએ મૌન તોડ્યું છે. તેણે વીડિયોના માધ્યમથી સ્પષ્ટતા કરી કે, તેણે કોઈ પણ દબાણ કે ધાક-ધમકી વગર, પૂરી સ્વસ્થ અવસ્થામાં ભારતીય સંવિધાન મુજબ લગ્ન કર્યા છે. અલ્પેશ સાથે તેનો છેલ્લા દોઢ વર્ષથી સંબંધ હતો. પરિવારને જાણ કરી હતી, પણ મંજૂરી ન મળતા આ નિર્ણય લીધો.

ધર્મ પરિવર્તનનો ઈનકાર કરતા કાજલે સ્પષ્ટ કર્યું કે, તે સનાતન ધર્મમાં માને છે અને ધર્મ પરિવર્તન કરવા માંગતી નથી. કાજલે આક્ષેપ કર્યો કે તેને અને તેના સાસરિયાઓને મારી નાખવાની ધમકીઓ મળી રહી છે.

કાજલ મહેરિયાએ વીડિયોના અંતમાં કડક શબ્દોમાં જણાવ્યું છે કે, હવે તે કોઈની વાહિયાત વાતોનો જવાબ નહીં આપે. જો તેને કે તેના પરિવારને હેરાન કરવામાં આવશે અથવા સોશિયલ મીડિયા પર અભદ્ર ટિપ્પણીઓ થશે, તો તે ભારતીય ન્યાયતંત્રની મદદથી કાયદેસરની કાર્યવાહી કરશે.

# આવતા મહિને ચાર દેશોની મુલાકાતે જશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુરોપ સાથે સંબંધો કરશે મજબૂત

## પીએમ મોદી નોર્વે, સ્વીડન, નેધરલેન્ડ અને ઈટાલીની મુલાકાત લેશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૧**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને યુરોપના ચાર દેશોના મહત્વપૂર્ણ પ્રવાસે જઈ શકે છે. આ મુલાકાત ૧૫થી ૨૦ મે દરમિયાન યોજાય તેવી શક્યતા છે, જેમાં પીએમ મોદી નોર્વે, સ્વીડન, નેધરલેન્ડ અને ઈટાલીની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમિયાન તેઓ નોર્વેમાં યોજાનારા ભારત-નોર્ડિક શિખર સંમેલનમાં પણ ભાગ લેશે.

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) થયા બાદ વડાપ્રધાનની આ પ્રથમ યુરોપ યાત્રા હશે. આ વર્ષે જાન્યુઆરીમાં લગભગ ૧૮ વર્ષની લાંબી વાટાઘાટો બાદ આ સમજૂતી પર અંતિમ મહોર લાગી હતી. જોકે આ પ્રવાસ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી પરંતુ વૈશ્વિક સ્તરે આ મુલાકાતને ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે.પીએમ મોદીનો આ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેના તણાવને કારણે વૈશ્વિક અનિશ્ચિતતા વધી છે. ખાસ કરીને હોર્મુઝ જળમાર્ગમાં સર્જાયેલા સંકટને કારણે કાચા તેલના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

વિશ્વના ૨૦ ટકા કાચા તેલનો પુરવઠો આ માર્ગેથી પસાર થાય છે અને હાલમાં ત્યાં સર્જાયેલી સ્થિતિને કારણે દુનિયાભરમાં ઉર્જા સંકટ ઊભું થયું છે. આવા સમયે પીએમ મોદીની યુરોપિયન નેતાઓ સાથેની મુલાકાત વ્યૂહાત્મક રીતે નિર્ણાયક સાબિત થઈ શકે છે.

ભારત અને EU વચ્ચેના ફ્રી ટ્રેડ ડીલની વાત કરીએ તો તેની શરૂઆત ૨૦૦૭માં થઈ હતી પરંતુ કેટલાક મતભેદોને કારણે ૨૦૧૩માં વાટાઘાટો અટકી ગઈ હતી. જૂન ૨૦૨૨માં ફરીથી પ્રયાસો શરૂ થયા અને આખરે સફળતા મળી. આ કરાર હેઠળ ભારતની ૯૩ ટકા નિકાસ પર યુરોપના ૨૭ દેશોમાં કોઈ પણ પ્રકારની ડ્યુટી લાગશે નહીં. આ પગલું ભારતના મેક ઈન ઈન્ડિયા અભિયાનને વેગ આપવા અને ભારતીય ઉત્પાદનો માટે યુરોપના બજારો ખોલવા માટે માઈલસ્ટોન સમાન માનવામાં આવે છે.

### વાહનચાલકોને રાહત સાથે જવાબદારીનો સંદેશ

# ગુજરાતમાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને વીમા નિયમોમાં મોટા ફેરફાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર,તા.૨૧**

ગુજરાતના લાખો વાહનચાલકો માટે માર્ગ પરિવહન વિભાગ તરફથી મહત્ત્વના અને રાહતરૂપ બદલાવ જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા મોટર વ્હીકલ એક્ટમાં સુધારા સાથે 'જન વિશ્વાસ બિલ' અમલમાં મુકાતા ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન રજિસ્ટ્રેશન અને અકસ્માત વળતર સંબંધિત નિયમોમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ સજાના કડક અભિગમને બદલે પ્રક્રિયાને સરળ બનાવી નાગરિકોને નિયમ પાલન માટે પૂરતો સમય અને તક આપવાનો છે.

નવી વ્યવસ્થા મુજબ, ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત પૂરી થયા બાદ પણ હવે એક મહિના સુધી તે માન્ય ગણાશે. અગાઉ લાઈસન્સ એક્સપાયર થતા જ અમાન્ય બની જતું હતું, પરંતુ હવે વાહનચાલકોને રિન્યૂ કરવા માટે વધારાનો સમય મળશે. આ સાથે જ વાહન રજિસ્ટ્રેશન રદ કરવાની સમયમર્યાદા ૧૪ દિવસથી વધારીને ૩૦ દિવસ કરવામાં આવી છે, જેનાથી પ્રક્રિયા વધુ વ્યવહારુ બનશે.

વાહન વેચાણના કિસ્સામાં વીમામાં નામ ટ્રાન્સફર કરવા માટેનો સમયગાળો પણ વધારીને એક મહિના સુધી કરવામાં આવ્યો છે. અકસ્માતના કિસ્સામાં વળતર માટે અરજી કરવાની મર્યાદા ૬ મહિનાથી વધારીને ૧ વર્ષ કરાઈ છે, જેનાથી પીડિતોને ન્યાય મેળવવા માટે વધુ સમય મળશે.

એક તરફ નિયમોમાં આ પ્રકારનું સરળીકરણ કરવામાં આવ્યું છે, તો બીજી તરફ રાજ્યમાં માર્ગ અકસ્માતોની ગંભીર સ્થિતિ ચિંતાજનક છે. આરટીઆઈથી મળેલી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન ગુજરાતમાં કુલ ૭૯,૦૫૪ માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૩૮,૫૩૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યમાં સરેરાશ દર કલાકે બે અકસ્માત થાય છે અને એક વ્યક્તિનું મૃત્યુ થાય છે.

માર્ગ સલામતી માટે સૌથી મોટો પડકાર 'હિટ એન્ડ રન'ના બનાવો છે. લોકસભામાં રજૂ થયેલા આંકડા મુજબ, ૨૦૨૦થી ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં ૯,૫૯૭ હિટ એન્ડ રનની ઘટનાઓ નોંધાઈ છે, એટલે કે દરરોજ સરેરાશ પાંચ બનાવો બની રહ્યા છે. પરિવહન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, નિયમોને સરળ બનાવવાથી લોકોમાં જાગૃતિ વધશે અને તેઓ સ્વયંપ્રેરિત રીતે નિયમોનું પાલન કરશે. જોકે, વધતા અકસ્માતોના આંકડા સૂચવે છે કે રાહત સાથે જવાબદારી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

### આયુષ્માન યોજનામાં 'ક્લીન-અપ ડ્રાઈવ

# મુદત વધારા સાથે ગેરલાભાર્થીઓ પર સરકારની કડક નજર

## આ બદલાવની વચ્ચે કાર્ડ રિન્યૂઅલ માટેની મુદત ૩૧ માર્ચથી વધારીને ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર,તા.૨૧**

રાજયમાં આયુષ્માન યોજનાને લઈને હવે એક નવી દિશા જોવા મળી રહી છે. અત્યાર સુધી યોજનાનો વ્યાપ વધારવા પર ભાર મૂકાતો હતો, પરંતુ હવે સરકારનું ધ્યાન 'યોગ્ય લોકોને યોગ્ય લાભ' મળે તે સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત થયું છે. આ બદલાવની વચ્ચે કાર્ડ રિન્યૂઅલ માટેની મુદત ૩૧ માર્ચથી વધારીને ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે, જેને એક તરફ રાહત અને બીજી તરફ સિસ્ટમને સ્વચ્છ બનાવવા માટેનું પગલું તરીકે જોવામાં આવી રહ્યું છે.

માહિતી મુજબ, રાજયભરમાં ઘણા લાભાર્થીઓ સમયમર્યાદામાં કાર્ડ રિન્યૂ ન કરી શકતા તેઓ યોજનાથી બહાર થવાના સંજોગોમાં હતા. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં દસ્તાવેજી પ્રક્રિયાની મુશ્કેલીઓ, માહિતીના અભાવ અને ટેકનિકલ કારણોસર અનેક પરિવારો સમયસર પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા નહોતા. આવી સ્થિતિમાં એક મહિના સુધીનો સમયવધારો તેમને ફરી તક આપતો નિર્ણય સાબિત થયો છે.

પરંતુ, આ નિર્ણય માત્ર રાહત પૂરતો મર્યાદિત નથી. તંત્રએ હવે સ્પષ્ટ કર્યું છે કે યોજનાનો લાભ માત્ર જરૂરિયાતમંદ અને હકદાર વર્ગ સુધી જ મર્યાદિત રાખવાનો પ્રયાસ કરવામાં આવશે. જેમની આર્થિક સ્થિતિ સુધરી ગઈ છે અને જે હવે આવકની નિર્ધારિત મર્યાદા બહાર છે, તેમને સ્વૈચ્છિક રીતે કાર્ડ રદ કરવાની અપીલ કરવામાં આવી રહી છે.

સૂત્રો મુજબ, કેટલીક જગ્યાએ આવક મર્યાદા પાર હોવા છતાં યોજનાનો લાભ લેવામાં આવી રહ્યો હોવાની નોંધ તંત્ર સુધી પહોંચી છે. આ પૃષ્ઠભૂમિમાં હવે ચકાસણી પ્રક્રિયા વધુ કડક બનવાની શક્યતા છે. ખાસ કરીને સરકારી કર્મચારીઓ અને સુસજ્જ વર્ગના લાભાર્થીઓ પર તંત્રની ખાસ નજર હોવાનું માનવામાં આવે છે.

આ સાથે જ, સામાન્ય નાગરિકોને અનાવશ્યક મુશ્કેલી ન પડે તે માટે રિન્યૂઅલ પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી છે. ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો અને એનએફએસએ કાર્ડધારકોને રિન્યૂઅલમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેથી તેઓને ફરી દસ્તાવેજી પ્રક્રિયામાંથી પસાર થવું ન પડે. અન્ય લાભાર્થીઓ માટે આવકનો દાખલો અને આધાર કાર્ડના આધારે સરળ અપડેશનની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# ધંધુકા હત્યાકાંડઃ આરોપીઓના પાપના સામ્રાજ્ય પર ચાલ્યું બુલડોઝર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૧**

અમદાવાદ જિલ્લાના ધંધુકા પંથકમાં યુવકની હત્યાના મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે આજે (૨૧મી એપ્રિલ) વહીવટી તંત્ર દ્વારા આરોપીઓ અને અસામાજિક તત્ત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ધંધુકાના ખાટકી વાડ વિસ્તારમાં આરોપીઓના ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.

ગત શનિવારે (૧૮મી એપ્રિલ) ધર્મેશ ગમારા નામના યુવકની હત્યા બાદ પંથકમાં તણાવભરી સ્થિતિ સર્જાઈ હતી. તંત્રએ આજે વહેલી સવારથી જ ખાટકીવાડ વિસ્તારમાં ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં ચારથી વધુ ગેરકાયદે મકાનો તોડી પાડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે હવે હાઈવે પર આવેલા ગેરકાયદે દબાણો, દુકાનો અને લારી-ગલ્લાઓ પર પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ અઘટિત ઘટના ન બને તે માટે ૩૦૦ જેટલા પોલીસ જવાનોનો કાફલો તહેનાત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નગરપાલિકા અને આરએનબી (માર્ગ અને મકાન વિભાગ) ના ૫૦થી વધુ કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ આ કામગીરીમાં જોડાયા હતા.

બીજી તરફ, મુખ્ય આરોપી રિઝવાન અને સમીરની ધરપકડ બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે આરોપીઓની ગંભીરતા અને તપાસની જરૂરિયાતને ધ્યાને રાખીને રિઝવાન અને સમીરના ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે આગામી બે દિવસ સુધી પોલીસ આ આરોપીઓની સઘન પૂછપરછ કરશે. આ સમયગાળા દરમિયાન પોલીસ તપાસમાં અન્ય કયા ઘટસ્ફોટ થાય છે અને હત્યા પાછળનું મુખ્ય ષડયંત્ર શું હતું, તેના પર સૌની નજર રહેશે.

# સુરતના ઉધના વિસ્તારમાં માતાને મોતને ઘાટ ઉતારનાર આરોપી પુત્ર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૧**

સુરતના ઉધના વિસ્તારમાં રહેતા મેહુલ ઉર્ફે મોન્ટુ શાહ અને તેની માતા પ્રતિક્ષાબેન વચ્ચે સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

મેહુલ ઘરે પહોંચતા તેને ખબર પડી કે તેના માટે અને તેની દીકરી માટે જમવાનું તૈયાર નહોતું. આ બાબતે તેણે માતા સાથે વાદવિવાદ શરૂ કર્યો હતો.

આ વાદવિવાદ થોડા જ સમયમાં ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગયો. ગુસ્સામાં આવેલા મેહુલે માતા સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. આ દરમિયાન પિતા હર્ષદભાઈ શાહ, જે દિવ્યાંગ હોવાનું જાણવા મળ્યું છે, વચ્ચે પડ્યા હતા અને પરિસ્થિતિ શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ આવેશમાં આવેલા મેહુલે પોતાના પિતાનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. પતિને બચાવવા માટે માતા પ્રતિક્ષાબેન વચ્ચે પડતા, મેહુલે તેમને જોરથી ધક્કો માર્યો હતો. આ ધક્કાના કારણે તેઓ જમીન પર પટકાયા અને ગંભીર ઈજા પહોંચી હતી.

ઘટના બાદ તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રતિક્ષાબેનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ ઉધના પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. મૃતકના પતિ હર્ષદભાઈ શાહની ફરિયાદના આધારે પોલીસ દ્વારા આરોપી પુત્ર મેહુલ શાહ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીને ઝડપી પાડી તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ હેઠળ ગંભીર કલમો લગાવી કાર્યવાહી હાથ ધરી છે, જેમાં હત્યા, ઈજા પહોંચાડવી અને હુમલાની જોગવાઈઓનો સમાવેશ થાયછે. પોલીસે આરોપી પુત્રની ધરપકડ કરી છે.

### ફિક્સ પગારદાર કર્મીઓને હાઈકોર્ટથી મોટી રાહત

# ૬% વ્યાજ સાથે લઘુતમ વેતન ચૂકવવા નાણા વિભાગને આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૧**

રાજ્યમાં વર્ષોથી માત્ર ૨૫૦૦ રૂપિયાના ફિક્સ પગારમાં ફૂલ ટાઈમ કામ કરતા કર્મચારીઓની તરફેણમાં ગુજરાત હાઈકોર્ટ ખુબ અગત્યનો ચુકાદો જાહેર કર્યો છે. જિલ્લા પંચાયતમાં ફૂલ ટાઈમ ફરજ બજાવતા કોમ્પ્યુટર ઓપરેટર અને ડ્રાઈવરોને વર્ષોથી પાર્ટ ટાઈમ કર્મચારી ગણીને માત્ર ૨૫૦૦ રૂપિયાના ફિક્સ પગારથી રખાતા કર્મચારીઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં સરકારના નાણા વિભાગે તેમને લઘુતમ વેતન આપવા ઈક્રાર કરી દીધો હતો. હાઈકોર્ટે નાણા વિભાગને જૂન સુધીમાં કર્મચારીઓને લઘુતમ વેતન મુજબ ૬ ટકા વ્યાજ સાથે બાકી નીકળતો પગાર ચૂકવી દેવા આદેશ કર્યો છે.

અરજદારો દ્વારા માંગણી કરવામાં આવી હતી કે, રાજ્ય સરકારના ૧૬ જુલાઈ ૨૦૧૯ના પરિપત્ર મુજબ તેમની પોસ્ટના લઘુતમ પગારધોરણનો લાભ આપવામાં આવે. તેમજ જિલ્લા વિકાસ અધિકારીએ ૧૨ ડિસેમ્બર ૨૦૨૨ના અરજદારોના દાવાને નકારતો જે આદેશ રદ કર્યો હતો તે રદ કરવા માંગણી કરવામાં આવી હતી. અરજદારોનો મુદ્દો એવો હતો કે, તેઓ લાંબા સમયથી ૨૫૦૦ રૂપિયાના નિશ્ચિત પગારે કામ કરે છે અને માત્ર ફિક્સ પગાર પર હોવાને કારણે તેમને લઘુતમ પગારથી વંચિત રાખી શકાય નહીં. સરકારે અગાઉ ૮ કેટેગરી નક્કી કરી હતી અને તે તમામને આ પરિપત્રનો લાભ આપવામાં આવ્યો હતો.

સમગ્ર મામલે હાઈકોર્ટે નોંધ્યું કે, અરજદારોનો કેસ "કેટેગરી-૩"માં આવે છે. જેમાં ૨૯ દિવસની નોકરી અને ૧ દિવસના કૃત્રિમ બ્રેક સાથે કામ કરાવવામાં આવે છે.

કાયદા મુજબ આ પ્રથા યોગ્ય નથી અને આવા કર્મચારીઓને પગારના લાભથી વંચિત રાખી શકાય નહીં. તેથી કોર્ટ ૧૨ ડિસેમ્બર ૨૦૨૨નો આદેશ રદ કર્યો. સાથે જ રાજ્યને આદેશ આપ્યો કે અરજદારોને ૧૬ જુલાઈ ૨૦૧૯ના પરિપત્ર મુજબ લાભ આપવામાં આવે.

હાઈકોર્ટે આદેશ કર્યો કે, બાકી રહેલા પગારનો તફાવત ૩૧ મે ૨૦૨૬ સુધી ગણતરી કરીને ૩૦ જૂન ૨૦૨૬ સુધી ચૂકવવાનો રહેશે. ઉપરાંત આ રકમ પર ૬% વ્યાજ પણ આપવાનું રહેશે.

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

ચાણક્યપુરી, નવી દિલ્હી ખાતે ફર્નિચરની વસ્તુઓ, સાધનો અને સાધનો, સુશોભન લાઈટિંગ ફિક્સર, સાઉન્ડ સિસ્ટમ વગેરેની ખરીદી અંગે. (બીજો કોલ)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4687_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 27/04/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 27/04/2026
બિડ ખોલવાની તારીખ : 27/04/2026

For details please scan
https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2026-27/38, Dated: 21/04/2026

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણ ખાતે કાલરિયા જંકશનથી ડાભેલ ચેકપોસ્ટ સુધીના મુખ્ય જિલ્લા માર્ગ પર સ્ટ્રીટ લાઈટનું વધારાનું કામ. (ઈ-૪૭૬૯૪)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4688_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 25/04/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 25/04/2026
બિડ ખોલવાની તારીખ : 25/04/2026

For details please scan
https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2026-27/39, Dated: 21/04/2026

**પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ**

(CIN - L25206DD1993PLC001470)
રજિસ્ટર્ડ ઓફિસ : ૯૮/૪, પ્રાઈમા હાઉસ, દમણ ઈન્ડ. એસ્ટેટ, કડૈયા, નાની દમણ, દમણ (સંઘપ્રદેશ) - ૩૯૬ ૨૧૦.
ફોન.નં. 0260-2220445
ઈમેઈલ : cs@primaplastics.com
વેબસાઈટ : www.primaplastics.com

**સૂચના**

આથી સૂચના આપવામાં આવે છે કે, **પ્રાઈમા પ્લાસ્ટિક લિમિટેડ** [**"પીપીએલ"** અથવા **"ડિમર્જડ કંપની"**] અને **પ્રાઈમા ઈનોવેશન લિમિટેડ** (**"પીઆઈએલ"** અથવા **"રિઝલ્ટિંગ કંપની"**) અને તેમના સંબંધિત શેરધારકો અને લેણદારો વચ્ચે કલમ ૨૨૦-૨૩૨, કલમ ૫૨ અને ૬૬ સાથે વાંચવામાં આવતી અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("સ્કીમ" અથવા "એરેન્જમેન્ટની સ્કીમ")ની અન્ય લાગુ જોગવાઈઓ હેઠળ ગોઠવણ યોજના અનુસાર, રિઝલ્ટિંગ કંપનીએ **૨૦મી એપ્રિલ, ૨૦૨૬** ના રોજ યોજાયેલી તેની બોર્ડ મિટિંગમાં **શુક્રવાર, ૧૭મી એપ્રિલ, ૨૦૨૬** ("રેકોર્ડ તારીખ")ના રોજ ડિમર્જડ કંપનીના ઈક્વિટી શેરધારકોને 1:1 ના ગુણોત્તરમાં 1,10,00,470 ઈક્વિટી શેર જારી કર્યા છે અને ફાળવ્યા છે.

વધુમાં, રિઝલ્ટિંગ કંપનીના ઈક્વિટી શેર ફક્ત સેબી પરિપત્ર SEBI/HO/MIRSD/MIRSD_RTAMB/P/CIR/2022/8, તારીખ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ અનુસાર ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં ફાળવવામાં આવશે, જે સંબંધિત નિયમો અને પરિપત્રો સાથે વાંચવામાં આવશે. રેકોર્ડ તારીખે શેરધારકો દ્વારા ભૌતિક સ્વરૂપમાં રાખવામાં આવેલા તમામ ઈક્વિટી શેર રિઝલ્ટિંગ કંપની દ્વારા ખોલવામાં આવેલા **"પીઆઈએલ-અનક્લેઈમ્ડ સિક્યોરિટીઝ એસ્ક્રો સસ્પેન્સ ડીમેટ એકાઉન્ટ"**માં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. રેકોર્ડ તારીખ મુજબ ભૌતિક સ્વરૂપમાં ડિમર્જડ કંપનીના ઈક્વિટી શેર ધરાવતા તમામ શેરધારકોને વિનંતી છે કે, તેઓ રિઝલ્ટિંગ કંપનીના ઈક્વિટી શેર તેમના સંબંધિત ખાતામાં જમા કરવા માટે ડીમેટ ખાતું ખોલે અથવા જો તેમની પાસે પહેલાંથી જ ડીમેટ ખાતું હોય તો તેઓએ તેમની હોલ્ડિંગ તેમના સંબંધિત ખાતામાં ટ્રાન્સફર કરવા માટે બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ("રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ" અથવા "આરટીએ")ને તેની વિગતો પૂરી પાડવાની રહેશે.

શેરધારકોને વિનંતી છે કે, તેઓ તેમની વ્યક્તિગત વિનંતીઓ/પ્રશ્નો સંબંધિત તમામ સંદેશાવ્યવહાર અમારા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ ("આરટીએ")ને મોકલે, જેની વિગતો નીચે મુજબ છે:

**બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ**
**રજિસ્ટર્ડ ઓફિસઃ નં. S6-2 , છઠ્ઠો માળ | પિનેકલ બિઝનેસ પાર્ક | આહુરા સેન્ટરની બાજુમાં | મહાકાલી કેવ્સ રોડ | અંધેરી પૂર્વ | મુંબઈ-400093 | મહારાષ્ટ્ર | ભારત.**
**ટેલિફોનઃ 022-62638200 ફેક્સઃ +91 22 62638299**
**ઈમેઈલઃ investor@bigshareonline.com**
**વેબસાઈટઃ www.bigshareonline.com**

**પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ વતી**
**સહી/-**
**નેહલ ગોયલ**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : મુંબઈ**
**તારીખઃ ૨૦/૦૪/૨૦૨૬**

**કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

જમીન સંપાદન વિભાગ, દમણ

સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલનો મુસદ્દો

હેતુ: ચપલી શેરી, નાની દમણ ખાતે પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન

RFCTLARR એક્ટ 2013 ની કલમ 6 (1) હેઠળ ડ્રાફ્ટ સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલ.

નંબર 3/143/LND-ACQ/2025-26/509 Dated 21.04.2026.
3/143/LND-ACQ/2025-26/632 Dated 21.04.2026.
ગામ: નાની દમણ
સંપાદનનું ક્ષેત્રફળ: 1566.00 ચો.મી.

કૃપા કરીને વિગતો માટે સ્કેન કરો. અથવા
https://ddd.gov.in/

**જમીન સંપાદન કલેક્ટર, દમણ**

No. IP/DMN/2/5/2026-27/40, Dated: 21/04/2026

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૮:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૪/૦૪/૨૦૨૬ શુક્રવાર | ડાભેલ | ૧૧ કે.વી. જાગૃતિ | ઘેલવાડ ફળિયા, સામે. ડાભેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, વાપી દમણ મેઈન રોડ, અમલીયા તલાવ |
| | | ૧૧ કે.વી. સાંઈ(ડીબી) | મહાત્મા ગાંધી ઉદ્યોગ |
| | | ૧૧ કે.વી. દામોદર | ડાભેલ કો.ઓ. સોસાયટી લિ., સાગર પોલિમર ઈન્ડ. નજીકનો વિસ્તાર. |
| | | ૧૧ કે.વી. ગોલ્ડન | આમલિયા ફળિયા, તલાવ ફળિયા, સડક ફળિયા, ગોલ્ડન ઈન્ડ. એસ્ટેટ, દમણ-વાપી મુખ્ય માર્ગ |
| | | ૧૧ કે.વી. પેટ ફાઈબર્સ એક્સપ્રેસ | જય કોર્પો. |
| | | ૧૧ કે.વી. પોલિસેટ | મહાત્મા ગાંધી ઉદ્યોગ નગર |
| | | ૧૧ કે.વી. એમજીયુએન | મહાત્મા ગાંધી ઉદ્યોગ નગર, વલ્લભ જગન મેઈન રોડ, પટેલ પાર્ક, વીરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ |
| | | ૧૧ કે.વી. સ્ટેશન ટીઆર (ડીબી) | સ્ટેશન ટ્રાન્સફોર્મર |
| | | ૧૧ કે.વી. વોટર વર્ક્સ | ડાયમંડ ઈન્ડ. એસ્ટેટ, આટિયાવાડ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, વોટર સપ્લાય યુનિટ-૧અને ૨, કોકીલ બાર, તેજલ બાર, સંજય બાર |
| | | ૧૧ કે.વી. હિંગરાજ | હિંગરાજ ઈન્ડ. એસ્ટેટ, હિંગરાજ માતા મંદિર |
| | | ૧૧ કે.વી. નવભારત | તલાવ ફળિયા, ફકીર ફળિયા, આમરણ ફળિયા, ડાભેલ ચેકપોસ્ટ, કુંભાર ફળિયા, આટિયાવાડ |
| | | ૧૧ કે.વી. મહાવીર | ડાભેલ કો.ઓ. સોસાયટી લિ. |
| | | ૧૧ કે.વી. આલ્ફા | ડાભેલ કો.ઓ. સોસાયટી લિ. |
| | | ૧૧ કે.વી. ટોટલ એક્સપ્રેસ | ટોટલ પેકેજિંગ ઈન્ડ |
| | | ૧૧ કે.વી. અમિત એક્સપ્રેસ | અમિત ઈન્ડ., કુલોદય પ્લાસ્ટોમર પ્રાઈવેટ લિમિટેડ, ટેમ્પલ પેકેજિંગ પ્રાઈવેટ લિમિટેડ |
| | | ૧૧ કે.વી. પ્રિસિઝન એક્સપ્રેસ | પ્રિસિઝન પ્લાસ્ટિક ઈન્ડ. |
| | | ૧૧ કે.વી. યુએસવી એક્સપ્રેસ | યુએસવી પ્રા. લિ. |
| | | ૧૧ કે.વી. યુનિફાઈ એક્સપ્રેસ | ભીમ પોલિફેબ ઈન્ડ. |
| | | ૧૧ કે.વી. ક્રિષ્ના | ફકીર ફળિયા, કુંભાર ફળિયા, તલાવ ફળિયા, આમરણ ફળિયા, ઘેલવડ ફળિયા, વાપી-દમણ મેઈન રોડ, આમલિયા ફળિયા, પુનિયા ફળિયા |
| | | ૧૧ કે.વી. પોલીઓલ એક્સપ્રેસ | ટેકફેબ ઈન્ડ. |
| | | ૧૧ કે.વી. ઓલિવ | ઓલિવ હેલ્થ કેર, સુપર ટેક્સ વુવેન ઈન્ડ. |
| | | ૧૧ કે.વી. કલ્પત્રુ | મહાત્મા ગાંધી ઉદ્યોગ નગર, દમણ ઔદ્યોગિક કો.ઓ.સોસાયટી લિમિટેડ |
| | | ૧૧ કે.વી. એ-કુમાર એક્સપ્રેસ | એ-કુમાર ઈન્ડસ્ટ્રીઝ. |

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**



**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપીમાં મનપા ચૂંટણીમાં અનિષ્ટ શરૂ : પ્રથમ ભાજપના પોસ્ટર ફાડવામાં આવ્યા હવે કોંગ્રેસના પોસ્ટર ફડાયા

**રાજકારણ ગરમાયું: વોર્ડ નં.૧૧માં પૂર્વ વિરોધપક્ષના નેતા ખંડુભાઈ પટેલના વોર્ડની ઘટના**



(પહેલા ભાજપના પોસ્ટર ફડાયા) (હવે કોંગ્રેસના પોસ્ટર ફડાયા)

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા.૨૬ એપ્રિલના રોજ યોજાનાર હોવાથી રાજકીય પક્ષો દ્વારા પ્રચાર માટે જે તે વોર્ડમાં પોસ્ટર બેનર વગેરે લગાડાયા છે પણ વર્તમાન ચૂંટણીમાં અસ્વિકાર્ય એવુ અનિષ્ટ શરૂ થઈ ગયું છે. અલગ અલગ વિસ્તારમાં ભાજપ-કોંગ્રેસના પોસ્ટર ફાડવાની હીનતા શરૂ થઈ ચૂકી છે.

વાપી મનપાના ચૂંટણીમાં બે-ત્રણ દિવસ પહેલા વોર્ડ નં.૧૦માં કોઈએ રાત્રે ભાજપના પોસ્ટર ફાડવાની ચેષ્ટા કરી હતી. ઘટના સી.સી.ટી.વી.માં કેદ થઈ હતી. ગતરાત્રે વોર્ડ નં.૧૧માં કોંગ્રેસના પોસ્ટર કોઈએ ફાડતા રાજકારણ ગરમાયુ હતું. વોર્ડ નં.૧૧ માં પૂર્વ પાલિકા વિરોધપક્ષના નેતા ખંડુભાઈ પટેલ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. પોસ્ટર ફાડવાની ઘટના બાદ ખંડૂભાઈ પટેલે ઘટનાને વખોડતી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, મનપામાં કોંગ્રેસની જીત નક્કી છે તેથી ગભરાયેલ ભાજપના કાર્યકરો હવે પોસ્ટર ફાડી રહ્યા હોવાનો તેમણે જાહેર આક્ષેપ કર્યો હતો.

## વાપી વીઆઈએ એડવાઈઝરી મિટિંગ યોજાઈ

# વર્તમાન ટીમ ત્રણ વર્ષ માટે યથાવત્: ફરી એકવાર પ્રમુખ તરીકે સતિષભાઈ પટેલ

**નાણામંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલ મિટિંગમાં કામગીરી બિરદાવાઈ**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી વીઆઈએમાં એડવાઈઝરી મેમ્બરની બેઠક યોજાઈ હતી. જેમાં વર્તમાન ટીમને ત્રણ વર્ષ માટે યથાવત રાખવાનો સર્વસંમતિએ નિર્ણય લેવાયો હતો તેથી વી.આઈ.એ. પ્રમુખ તરીકે સતિષભાઈ પટેલ, સેક્રેટરી તરીકે કલ્પેશભાઈ વોરા, ઉપ પ્રમુખ તરીકે મગનભાઈ સાવલીયા, ટ્રેઝરર તરીકે રાજુલભાઈ શાહ સહિતની એક્ઝિક્યુટીવ કમિટી આગામી ત્રણ વર્ષ શાસનધુરા સંભાળશે.

નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વી.આઈ.એ. એડવાઈઝરી બોર્ડ મેમ્બરની મિટીંગ યોજાઈ હતી. જેમાં એ.કે. શાહ, શિરિષભાઈ દેસાઈ, મિલનભાઈ દેસાઈ, એલ.એમ. ગર્ગ, નાનુભાઈ બાંભરોલિયા, યોગેશ કાબરીયા, કલ્પેશભાઈ શાહ, રજનીશ આનંદ અને પ્રકાશભાઈ ભદ્રા ઉપસ્થિત રહ્યા હતા. એડવાઈઝરી બોર્ડે તમામ મેમ્બરની કામગીરી બિરદાવી હતી તેમજ ટર્મ ૨૦૨૬ થી ૨૦૨૮ ત્રણ વર્ષ માટે કાર્યભાર સંભાળવાની ભલામણ કરાઈ હતી. બોર્ડ મેમ્બરોએ વીઆઈએના નવા ઓડિટોરિયમની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આગામી મે મહિનાના અંત સુધીમાં કામગીરી પણ થવાથી મે કે જૂન મહિનામાં લોકાર્પણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# પારડી પોલીસે રૂા. ૧.૨૭ લાખનું બ્રાઉન હેરોઈન ઝડપી બે આરોપીઓની કરેલી ધરપકડ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૧**

પારડી પોલીસ મથકના પી.આઈ. શ્રી જી.આર.ગઢવી અને એમની ટીમ છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સના દુષણને ડામવા પ્રયત્નશીલ હતી. મળેલ બાતમીને લઈ પારડી પોલીસે પારડીના હોટલ વિશ્રામ પાછળ આવેલ દોલતનગર સ્થિત 'અલીફ રો-હાઉસ'માં દરોડો પાડી રૂા. ૧.૨૭ લાખની કિંમતનું ૬ ગ્રામ ૩૮૦ મિલીગ્રામ 'બ્રાઉન હેરોઈન' ઝડપી પાડ્યું હતું.

પી.આઈ. શ્રી જી.આર.ગઢવીના માર્ગદર્શન હેઠળ થયેલી કાર્યવાહીમાં આરોપી અસફાક સફીઉલ્લા શેખના ઘરના બેડરૂમમાં રાખેલા કબાટમાંથી નશીલા પદાર્થ સાથે તેને રંગે હાથ ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે ડ્રગ્સ ઉપરાંત ૨ મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૧.૫૩ લાખનો મુદ્દામાલ જ કર્યો છે.

તપાસ દરમિયાન આ જથ્થો બરોડાના બાજસીંગ ગુરુચરણસીંગ (ઉ.વ. ૨૭) ધંધો-વેપાર, હાલ રહેલ અક્ષર રેસીડેન્સી ફલેટ નં.સી.૫૧૧ રણૌલી ગામ ધવલ ટોકીઝની બાજુમાં વડોદરા, તા.જી.વડોદરા, મુળ રહે. વોર્ડ નં.બર ૦૧ દશમેશ નગર, પટ્ટી ગામ, જી.તરણતારણ પંજાબ નામના શખ્સ પાસેથી લવાયો હતો, તેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ચીખલીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે

# સિયાદા પોસ્ટ ઓફિસમાં ઉચાપત કરનાર તત્કાલિન પોસ્ટ માસ્તરને એક વર્ષની કેદ અને દંડ ફટકાર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૧**

ચીખલીની એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા સિયાદા ગામની પોસ્ટ ઓફિસમાં ઉચાપત કરનાર તત્કાલીન પોસ્ટ માસ્તરને એક વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો.

ચીખલી તાલુકાના સિયાદા ગામની પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકેની ફરજ દરમિયાન ધીરૂભાઈ ભગુભાઈ પટેલે (રહે.સિયાદા દારા ફળિયા તા.ચીખલી) એ ૦૧/૦૯/૨૦૦૧ થી ૧૨/૦૭/૨૦૦૪ દરમિયાન પોસ્ટના સેવિંગ્સ અને રિકરીંગ ખાતેદારોની પાસબુકમાં ભરેલ પૈસાની સહી સિક્કા કરી આપ્યા હતા. પરંતુ આ રકમ સરકારી રેકર્ડ પર નહીં ચઢાવી ૧૦૦૦/- રૂપિયાની હંગામી તથા ૩૯,૧૫૦/- રૂપિયાની કાયમી ઉચાપત કરી પોતાના અંગત કામે વાપરી નાખતાં જે અંગે ચીખલી પોસ્ટ ઓફિસના તત્કાલીન ઈન્સ્પેકટર દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઉપરોક્ત ગુનાનો કેસ અત્રેની એડી ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી આવતા આરોપી, સાહેદોના નિવેદનો નોંધી સરકારી વકીલ શ્રી યોગેશભાઈ પટેલની આરોપી વિરૂધ્ધ ધારદાર દલીલોના અંતે ન્યાયાધીશ શ્રી વિજયકુમાર ચૌહાણ દ્વારા સિયાદા પોસ્ટ ઓફિસના તત્કાલીન પોસ્ટ માસ્તર ધીરુભાઈ ભગુભાઈ ધોડિયા પટેલ (રહે.સિયાદા દારા ફળિયા તા.ચીખલી) ને એક વર્ષની સખત કેદની સજા અને ૧૦,૦૦૦/- રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.ઉપરોક્ત ચૂકાદો વીસ વર્ષ બાદ આવ્યો હતો.

# ગુંદલાવથી ૪૦ વર્ષીય મહિલા ગુમ



ગુમ. સંગીતા કુમારી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

વલસાડ તાલુકાના ગુંદલાવ રામનગર ખાતે રહેતા ૪૦ વર્ષીય સંગીતાકુમારી પપ્પુમાલાકાર (મૂળ રહે. મીની બીગાગ, બરાસ્થાન, ઔરંગાબાદ, બિહાર) તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦થી રાત્રે ૯:૩૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ સંગીતા મજબૂત બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે બ્લ્યુ કલરની સાડી પહેરેલી હતી. તેઓ હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો ૭૯૯૦૫૬૦૯૮૮, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાપીમાં જાણીતી બ્રાન્ડેડ રેસ્ટોરન્ટ બેઝલમાં ઓર્ડરથી મંગાવેલ પીઝા બોક્ષમાં ફંગશ મળી આવતા મામલો ગરમાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી ગાંધી સર્કલ પાસે આવેલ સોનારસ કોમ્પલેક્ષમાં કાર્યરત જાણીતી બ્રાન્ડેડ રેસ્ટોરન્ટ બેઝલમાં ભારે વિવાદ સર્જાયો હતો. ગ્રાહકે ઓર્ડરથી મંગાવેલ પીઝા બોક્ષમાં ફંગશ મળી આવતા મેનેજર અને ગ્રાહક વચ્ચે મામલો ખુબ ગરમાઈ જવા પામેલ છે તેથી પોલીસ બોલાવવી પડી હતી.

વાપી ગાંધી સર્કલ પાસે આવેલ સોનારસ કોમ્પલેક્ષમાં કાર્યરત જાણીતી બ્રાન્ડેડ રેસ્ટોરન્ટ ગત રાત્રે વિવાદનું કેન્દ્ર બની હતી. દિલિપભાઈ નામના એક ગ્રાહકે રેસ્ટોરન્ટને બે હજાર રૂપિયાના પિઝાનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર બાદ ગ્રાહકને જે પીઝાનું બોક્ષ આપવામાં આવ્યું હતું તેમાં ખતરનાક ફંગશ જોવા મળી હતી તેમજ બોક્ષમાં પ્લાસ્ટિક રેપર પણ રાખવામાં આવ્યુ નહોતું તેથી ગ્રાહક દિલિપભાઈએ મેનેજરને જાણ કરી પણ સંતોષકારક જવાબ નહી મળતા મામલો બોલાચાલી અને વિવાદીત બન્યો હતો. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. બ્રાન્ડેડ કંપનીઓ દ્વારા ગ્રાહકના સ્વાસ્થ્ય સાથે સલામતિ સાથે ચેડા કરી રહ્યા હોવાનું ઘટનામાં પ્રતિત થયેલુ જોવા મળ્યુ હતું. બેસ્ટ ફુડનો ક્રેઝ ક્યારેક ગેરફાયદો સાબિત થતો હોય છે તેવું ઘટના થકી પુરવાર થતુ જોવા મળ્યું હતુ. પોલીસ દરમિયાનગીરી બાદ મામલો થાળે પડ્યો હતો. ફુડ વિભાગને ઘટનાની જાણ કરી કાર્યવાહી કરવા ગ્રાહક દ્વારા ચિમકી આપવામાં આવી હતી.

# ધરમપુરમાં શ્રી રામકૃષ્ણ મંદિરનો ઉદ્‌ઘાટન અને લોકાર્પણ સમારોહ યોજાયો

**વિદ્યાર્થીઓ અહીં આવી ધ્યાન કરશે તો વિદ્યાર્થીઓમાં નવી શૈક્ષણિક ચેતનાનો સંચાર થશે : સ્વામી નિખિલેશ્વરાનંદજી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

શ્રી રામકૃષ્ણ-વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુરના ઉપક્રમે રાજમહેલ રોડ સ્થિત નવનિર્મિત શ્રી રામકૃષ્ણ મંદિરનું ઉદ્ઘાટન તથા લોકાર્પણ અક્ષય તૃતીયાના પાવનદિને શ્રી રામકૃષ્ણ અદ્વૈત આશ્રમ, વારાણસીના અધ્યક્ષ શ્રીમત સ્વામી વિશ્વાત્માનંદજી મહારાજના વરદહસ્તે તથા શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજના પાવન સાનિધ્યમાં યોજાયો હતો. આ મંદિર ધરમપુર નગર માટે આધ્યાત્મિક ધરોહરનું મુખ્ય કેન્દ્ર બની રહેશે.

સવારે ૭:૩૦ કલાકે મંદિરનું મંગલ ઉદ્ઘાટન વેળા ઉપસ્થિત નવ જેટલા સન્યાસીવૃંદો - ગુજરાત રામકૃષ્ણ ભાવપ્રચાર પરિષદના સભ્યો, નગર અને આસપાસના આદિવાસી વિસ્તારના ભક્તગણોએ મંદિરની ફરતે ફરી વૈદિક મંત્રોચાર કરતા સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક રંગે રંગી દીધું હતું, બાદ સ્વામી વિશ્વત્માનંદજી મહારાજે રીબીન કાપી અને તકતી અનાવરણ કરી મંદિર સૌ ભક્તો માટે મંદિરનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કર્યું હતું. મંદિર પ્રવેશ બાદ વૈદિક શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા અને હવન, ભોગ આરતી કરવામાં આવી હતી, બાદ સ્થાપક ડો.દોલતભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સાડા દશ વાગ્યે આયોજિત જાહેરસભામાં શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું કે, ધરમપુરમાં હવે ઠાકુર બિરાજમાન થઈ ગયા છે. અહીંથી વિદ્યાર્થીઓમાં નવી ચેતનાનો સંચાર થશે અને વધુને વધુ વિદ્યાર્થીઓ સહીત તમામ નગરજનો અને આસપાસના આદિવાસી ભાઈ-બહેનો અહીં આવી પ્રાર્થના ધ્યાન જપ કરશે તો ચોક્કસ માનસિક શાંતિ મેળવશે.

ઉદ્ઘાટક સ્વામી વિશ્વાત્માનંદજી મહારાજે જણાવ્યું કે, "શ્રી રામકૃષ્ણ સૌના છે. આ પરિસરમાં કોઈ પણ ધર્મના લોકો આવી શકે, જે રામ હતા જે કૃષ્ણ હતા એ જ હવે સાંપ્રત સમયમાં રામકૃષ્ણ બની આવ્યા છે, આજે ઉદ્ઘાતીત થયેલા મંદિરમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ આવશે તો એમના જીવનમાં આમુલ પરિવર્તન આવશે, સ્વામીજીયે ઉપસ્થિત આદિવાસી ભાઈ-બહેનોને વધુમાં વધુ આ મંદિર પરિસર અને ટ્રસ્ટ દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓનો પણ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સ્વામી આત્મદિપાનંદજી (પોરબંદર), સ્વામી સુખાનંદજી (ભુજ), સ્વામી પ્રભુસેવાનંદજી (અમદાવાદ), સ્વામી ગુણાશ્રેયાનંદજી (લીંબડી), સ્વામી સેવાવ્રતાનંદજી (બિલાસપુર), સ્વામી ઈષ્ટમયાનંદજી (વડોદરા) અને સ્વામી મંત્રેશાનંદજી (આદિપુર) સહિતના સન્યાસીવૃંદો - સંતો આ પાવન પ્રસંગે પ્રેરક ઉદબોધન કર્યા હતા, શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટના તમામ સભ્યોની કામગીરી ઉપસ્થિત સૌએ વખાણી હતી. આ પ્રસંગને વધવવા સમગ્ર ગુજરાતભરમાંથી ઠાકુરભક્તો જોડાયા હતા.

આ પ્રસંગે ટ્રસ્ટના રાહુલભાઈ વસાણી, મુકેશભાઈ મેરાઈ, ગીરીશભાઈ સોલંકી, હિતેષભાઈ મેરાઈ, ઉદયભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ જેવા ટ્રસ્ટીઓ, નગરના અગ્રણીઓ, પાલિકાના કોર્પોરેટરો, સામાજિક કાર્યકર્તાઓ, આદિવાસીઓ વિસ્તારના ભાઈ-બહેનો, પત્રકારો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રતિક કોટકે આટોપી હતી.

# વાપી નામધા ચંડોર રોડ ઉપર ગંભીર અકસ્માત: હેવી કન્ટેનર વીજ પોલને ટકરાતા કેટલાક પોલ પડી ગયા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી નામધા ચંડોર રોડ ઉપર આજે મંગળવારે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. રોડ ઉપર પસાર થઈ રહેલ હેવી કન્ટેનર વીજ પોલ સાથે ટકરાતા કેટલાક પોલ નીચે પડી ગયા હતા. બનાવને લઈ સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

નામધા ચંડોર રોડ ઉપર પસાર થઈ રહેલ હેવી કન્ટેનર એક વીજપોલ સાથે અચાનક ટકરાતા કેબલો તથા કેટલાક પોલ જમીનદોસ્ત થઈ ગયા હતા. ઘટનાની જાણ બાદ એકઠા થયેલા લોકોએ સામાજીક કાર્યકર્તા વરૂણસિંહને જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચી વરૂણસિંહએ વીજ કંપનીને તુરંત જાણ કરીને વીજ પ્રવાહ તાત્કાલિક બંધ કરાવ્યો હતો. અકસ્માતથી રોડ ઉપર પડી ગયેલા પોલ અને કેબલને લઈ અવરજવર અટકી પડી હતી. જો કે સદનસીબે સવારનો સમય હોવાથી અવરજવર ઓછી હતી તેથી મોટી દુર્ઘટના થતા થતા અટકી ગઈ હતી. વીજ કંપનીના કર્મચારીઓ સ્થળ ઉપર પહોંચી સમારકામની કામગીરી હાથ ધરી હતી.

# સંજાણના ડમ્પિંગ યાર્ડમાં ગંદકી અને પ્રદૂષણનો રાફડો: ગ્રામજનો ત્રાહિમામ અને તંત્ર નિષ્ક્રિય

**ચૂંટણી ટાણે મોટી મોટી ડંફાશ મારતા નેતાઓ સામે પાયાની સમસ્યાઓને લઈ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે બીજી તરફ કચરાના નિકાલ માટે નક્કર આયોજનની માંગ કરવામાં આવી રહી છે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૧**

ઉમરગામ તાલુકામાં સંજાણ રેલવે બ્રિજ નીચે આવેલા ડમ્પિંગ યાર્ડની હાલત અત્યંત બદતર બનેલી છે. અહીં કચરાંના ઢગલા અને તેમાંથી નીકળતા ધુમાડાને કારણે સ્થાનિક રહીશોનું જીવવું મુશ્કેલ અને રાહદારીઓને ભારે મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ ચૂંટણીનો માહોલ ગરમાયો છે અને નેતાઓ વિકાસના મોટા-મોટા વાયદાઓ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ સંજાણની આ ગંભીર સમસ્યા પ્રત્યે તંત્ર અને શાસક પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉદાસીનતા સામે આવી રહી છે.

આ ડમ્પિંગ યાર્ડમાં ઠલવાતા કચરાને અવારનવાર સળગાવવામાં આવે છે, જેના કારણે આસપાસના વિસ્તારોમાં વાયું પ્રદુષણ ફેલાય છે. કચરાની દુર્ગંધ એટલી તીવ્ર છે કે લોકો માટે ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ છે. સ્થાનિકોનું કહેવું છે કે પંચાયત દ્વારા સફાઈ વેરો અને પાણી વેરો નિયમિત ઉઘરાવવામાં આવે છે, પરંતુ કચરાના વૈજ્ઞાનિક નિકાલ કે રિસાયકલિંગ માટે કોઈ પણ પ્રકારની કાળજી લેવામાં આવતી નથી.

લોકોની માંગ છે કે આ ડમ્પિંગ યાર્ડને ગામની બહાર કોઈ યોગ્ય જગ્યાએ ખસેડવામાં આવે. નગરપાલિકા દ્વારા કોસ્ટલ હાઈવે પર જે રીતે ડમ્પિગ યાર્ડ બનાવવામાં આવ્યા છે, તે જ રીતે સંજાણ માટે પણ રિસાયકલિંગ પ્લાન્ટનું આયોજન થવું જોઈએ. જો સરકાર કે પંચાયત આ બાબતે યોગ્ય બજેટ ફાળવે તો જ આ કાયમી સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે.